અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ મે ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૧૧
વર્ષ : ૧૫
અંક : ૨૭૩
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

राहुल ગાંધીએ રાયબરેલીથી નોંધાવી ઉમેદવારી । બીજી તરફ અમેઠીથી કોંગ્રેસના કેએલ શર્માની ભાજપમાંથી સ્મૃતિ ઇરાનીની સામે ટક્કર થશે

# રાહુલ ગાંધી રાયબરેલીથી અને કેએલ શર્મા અમેઠીથી લડશે ચૂંટણી

## રાહુલ ગાંધીએ લોકસભા સીટ માટે રાયબરેલી પરથી ઉમેદવારી નોંધાવી ત્યારે સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને અશોક ગેહલોત હાજર રહ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

કોંગ્રેસે અમેઠી અને રાયબરેલી લોકસભા સીટ માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે અમેઠીથી કિશોરી લાલ શર્મા અને રાયબરેલીથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે. આ બેઠકો અંગે ઘણા સમયથી સસ્પેન્સ હતું. રાહુલ ગાંધી પણ કેરળના વાયનાડથી ચૂંટણી લડી રહ્યા છે. સાથે જ કેએલ શર્મા ગાંધી પરિવારના નજીકના હોવાનું કહેવાય છે. તેઓ સોનિયા ગાંધીના સાંસદ પ્રતિનિધિ છે. રાહુલ ગાંધીએ આજે શુક્રવારે રાયબરેલી લોકસભા સીટ પરથી ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન, સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને અશોક ગેહલોત હાજર રહ્યા હતા. શુક્રવારે સવારે જ કોંગ્રેસ પાર્ટીએ અમેઠી અને રાયબરેલી સીટ પરથી ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. જે બાદ રાહુલ ગાંધી તેમની માતા સોનિયા ગાંધી, બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા, રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને અન્યો સાથે રાયબરેલીના ફુરસતગંજ એરપોર્ટ પર વિમાનમાંથી ઉતર્યા હતા. પાર્ટીએ શુક્રવારે સવારે જાહેરાત કરી કે, રાહુલ ગાંધી રાયબરેલી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડશે, જે અગાઉ તેમની માતા સોનિયા ગાંધીનો મતવિસ્તાર હતો. પાર્ટીએ શુક્રવારે એક નિવેદનમાં કહ્યું કે, ગાંધી પરિવારના નજીકના સહયોગી કિશોરી લાલ શર્માને અમેઠી લોકસભા સીટ પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આખરે કોંગ્રેસે સસ્પેન્સનો અંત લાવી દીધો છે. કોંગ્રેસે અમેઠી અને રાયબરેલી લોકસભા સીટ માટે પોતાના ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે અમેઠીથી કિશોરી લાલ શર્મા અને રાયબરેલીથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે.તો મળતી માહિતી મુજબ પ્રિયંકા ગાંધી ચૂંટણી લડવાના નથી.

### કેએલ શર્મા લાંબા સમયથી રાયબરેલીમાં સોનિયા ગાંધીના પ્રતિનિધિ તરીકે કામ કરી રહ્યા છે



આ બેઠકો અંગે ઘણા સમયથી કોંગ્રેસે સસ્પેન્સ રાખ્યુ હતું. રાહુલ ગાંધી પણ કેરળના વાયનાડથી ચૂંટણી લડી રહ્યા છે. બીજી તરફ અમેઠીથી કોંગ્રેસના કેએલ શર્માની ભાજપમાંથી સ્મૃતિ ઇરાની સામે ટક્કર થશે. સાથે જ કેએલ શર્મા ગાંધી પરિવારના નજીકના હોવાનું કહેવાય છે. તેઓ સોનિયા ગાંધીના સાંસદ પ્રતિનિધિ છે. કોંગ્રેસે આજે એટલે કે શુક્રવારે બે ઉમેદવારોની યાદી જાહેર કરી. આ નવી યાદીમાં કોંગ્રેસે અમેઠીથી કેએલ શર્મા અને રાયબરેલીથી રાહુલ ગાંધીને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. ઘણા સમયથી એવું કહેવામાં આવી રહ્યું હતું કે રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડશે, પરંતુ આખરે પાર્ટીએ પોતાનો નિર્ણય બદલ્યો અને રાહુલને રાયબરેલીથી મેદાનમાં ઉતાર્યા.

રાહુલે અમેઠીની સીટ છોડતાં મોદીએ કર્યો કટાક્ષ

## નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં એક રેલીને સંબોધી

### મોદીએ કહ્યું કે, મેં પહેલા જ કહ્યું હતું કે વાયનાડમાં હારના ડરથી શહેજાદે પોતાના માટે બીજી સીટ શોધી રહ્યો છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. આ માટે ચૂંટણી પ્રચાર તેજ બન્યો છે. આ શ્રેણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં એક રેલીને સંબોધી હતી. આ દરમિયાન, પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, દેશ અને તમે બધાએ મને ખૂબ આશીર્વાદ આપ્યા છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, મેં પહેલા જ કહ્યું હતું કે વાયનાડમાં હારના ડરથી શહેજાદે પોતાના માટે બીજી સીટ શોધી રહ્યો છે. હવે તેમને અમેઠીથી ભાગીને રાયબરેલી બેઠક પસંદ કરવી પડી છે. આ લોકો ફરી ફરીને દરેકને કહે છે - ડરો નહીં! હું પણ તેમને એ જ કહીશ - ડરો નહીં! ભાગો નહીં! તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કદાચ કોઈ વ્યક્તિ પોતાના જીવનમાં કલ્પના પણ ન કરી શકે કે ઈસ્વર રૂપી જનતા આટલા બધા આશીર્વાદ વરસાવે અને અવિરત વરસે અને આ આશીર્વાદ દર વર્ષે વધતા જાય છે. હું મોજ કરવા માટે જન્મ્યો નથી, હું મારા માટે જીવવા માંગતો નથી. તમારી સેવા કરવાના સંકલ્પ સાથે, હું મહાન ભારત માતાના ૧૪૦ કરોડ દેશવાસીઓની સેવા કરવા નીકળ્યો છું.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, 'મોદી એક વિકસિત ભારત બનાવવા, આત્મનિર્ભર ભારત બનાવવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. હું આ મારા માટે નહીં, પરંતુ મારા પોતાનાઓ માટે કરી રહ્યો છું. મારો પોતાનો અર્થ - મારું ભારત, મારું કુટુંબ. હું તમારા સપના માટે નિશ્ચય સાથે જીવું છું. હું ટીએમસી સરકારને પૂછવા માંગુ છું કે, અહીં સંદેશખાલીમાં અમારી દલિત બહેનો સાથે આટલો મોટો ગુનો કેમ થયો? આખો દેશ કાર્યવાહીની માંગ કરતો રહ્યો, પરંતુ ટીએમસી ગુનેગારને બચાવતી રહી હતી. શું માત્ર એટલા માટે કે તે ગુનેગારનું નામ શાહજહાં શેખ હતું?

પાકિસ્તાનમાં થયો ગમખ્વાર અકસ્માત

## પાકિસ્તાનમાં બસ ખીણમાં પડતા ૨૦ લોકોના મોત થયા



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩ ।

પાકિસ્તાનમાં એક બસ ખાઈમાં પડી જવાની દુર્ઘટના બની છે જેમાં ૨૦ લોકોના મોત થયા છે. પોલીસે આ અંગે માહિતી આપ તા જણાવ્યું છે કે રાવલપિંડીથી હુનઝા જઈ રહેલી બસના ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કાબુ ગમવતા આ દુર્ઘટના ઘટી હતી.

ગમખ્વાર અકસ્માત દાઈમર જિલ્લાના કારાકોરમ હાઈવે પર થયો હતો. જોકે બસમાં કેટલા મુસાફરો હાજર હતા, તે અંગેનો કોઈ જ આંકડો હજી મળ્યો નથી.

અકસ્માતમાં ઘાયલ થયેલા ૧૫ જેટલા લોકોને હાલ ચિલાસમાં આવેલી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ બચાવ કામગીરી ચાલી રહી છે અને મૃતદેહોને હોસ્પિ ટલમાં ખસેવામાં આવી રહ્યાં છે. મૃતકોમાં ત્રણ મહિલાઓ પણ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મૃતકોમાં ત્રણ મહિલાઓ પણ સામેલ છે. ઘણા લોકોને ગંભીર ઈજા થવાને કારણે દુર્ઘટનામાં મૃતકોનો આંકડો વધે તેવી શક્યતા છે. ગીલજીત બાલિસ્તાનના મુખ્યમંત્રી હાજી ખાને દુર્ઘટના બાબતે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ઘાયલોને તાત્કાલિક મદદ કરવાના પણ આદેશ આપ્યા છે. ગીલજીત-બાલિસ્તાન સરકારના પ્રવક્તા ફૈઝુલ્લાહ ફારુકે જણાવ્યું હતું કે ચીલાસ હોસ્પિટલમાં આ દુર્ઘટના પછી ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે.

કેજરીવાલના જામીન અંગે સુપ્રીમની મહત્વપૂર્ણ ટિપ્પણી

## સુપ્રીમ વચગાળાના જામીન પર દલીલો સાંભળવા પર વિચાર કરી શકે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હીની તિહાર જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના જામીન અંગે સુપ્રીમ કોર્ટે શુક્રવારે (૩ મે)ના રોજ મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે તે આગામી ચૂંટણીને કારણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન પર દલીલો સાંભળવા પર વિચાર કરી શકે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું, "ઈડી દ્વારા તેમની ધરપકડ સામે કેજરીવાલની અરજી અને એક્સાઈઝ પોલિસી કેસમાં તેમના પછીના રિમાન્ડ પરની ચર્ચામાં સમય લાગી શકે છે. આવી સ્થિતિમાં કોર્ટ તેમના વચગાળાના જામીન પર દલીલો સાંભળી શકે છે." સુપ્રીમ કોર્ટે મંગળવારે (૭ મે)ના રોજ કેસની સુનાવણી દરમિયાન EDના વકીલને આ પાસા પર તૈયાર રહેવા જણાવ્યું હતું. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચે બંને પક્ષોને ચેતવણી આપી હતી કે કોર્ટ જામીન આપશે એવું ન માની લે. તેમણે કહ્યું કે અમે જામીન આપીએ પણ ખરા અને ન પણ આપીએ, પરંતુ અમે અહીં દરેક પક્ષે હાજર છીએ અને તેનાથી કોઈને આશ્ચર્ય ન થવું જોઈએ. કોર્ટે EDને એ પણ વિચારવા કહ્યું કે શું કેજરીવાલે મુખ્ય પ્રધાન તરીકેના તેમના પદને ધ્યાનમાં રાખીને કોઈ ફાઈલો પર હસ્તાક્ષર કરવા જોઈએ. જો દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેરજીવાલને વચગાળાના જામીન આપવામાં આવશે તો તેમના પર પણ શરતો લાદવામાં આવશે.

ત્રીજા ક્વાર્ટરમાં નફામાં ૧૧૦ ટકાનો ઉછાળો

## ઈન્ડિગો એરલાઇન્સ મે મહિનામાં પગાર સાથે કર્મચારીઓને આપશે ભેટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ખાનગી ક્ષેત્રની સૌથી મોટી એરલાઈન્સ ઈન્ડિગોએ તેના કર્મચારીઓને મોટી ભેટ આપવાનું નક્કી કર્યું છે. ઈન્ડિગોએ તેના કર્મચારીઓને માસિક પગારના ૧.૫ ગણા એક વખતનું બોનસ આપવાની જાહેરાત કરી છે. આ બોનસ કર્મચારીઓને મે મહિનાના પગાર સાથે આપવામાં આવશે. કંપનીને અપેક્ષા છે કે એરલાઈન સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન નફામાં પરત ફરશે, તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ડિગોએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે એરલાઈને ૨૦૨૨ના બીજા ભાગથી કોવિડ-૧૯ પછી એરલાઈન્સને થયેલા નુકસાનની ભરપાઈ કરવાનું શરૂ કરી દીધું છે. ઈન્ડિગોએ કહ્યું કે તેણે મજબૂત અને ઉત્તમ ત્રિમાસિક પરિણામો રજૂ કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં એરલાઈન નફામાં પાછી ફરી. મજબૂત મુસાફરીની માંગને કારણે, ત્રીજા ક્વાર્ટરમાં તેના નફામાં ૧૧૦ ટકાનો ઉછાળો આવ્યો છે. ઈન્ડિગોએ ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૨૯૯૮ કરોડનો નફો કર્યો છે, જે ૨૦૨૨- ૨૩ના ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૧૪૨૩ કરોડ હતો. તેના ઉત્કૃષ્ટ નાણાકીય પ્રદર્શનને કારણે શેરબજારમાં પણ ઈન્ડિગોની ચમક વધી છે.

૧૭મી મે થનારી ઉજવણીને લઈ તૈયારીઓ શરૂ

## અયોધ્યા રામ મંદિરમાં પહેલીવાર સીતાનો જન્મમહોત્સવ ઉજવાશે



। (એજન્સી) અયોધ્યા, તા.૩ ।

અયોધ્યામાં માતા જાનકીની જન્મજયંતિની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રામ મંદિરમાં ઉજવણી કરવામાં આવશે. હિંદુ કેલેન્ડર અનુસાર માતા જાનકીની જન્મજયંતિ દર વર્ષે વૈશાખ મહિનાના શુક્લ પક્ષમાં ઉજવવામાં આવે છે. આ વર્ષે ઉદયા તિથિને લઈને પણ મતભેદો ઉભરી રહ્યા છે. ધાર્મિક નગરી અયોધ્યાના છોટી દેવકાલી મંદિરમાં ૧૬ મેના રોજ જાનકી નવમીનો તહેવાર ઉજવવામાં આવશે. જ્યારે વૈષ્ણવ પરંપરાના મંદિરોમાં ૧૭મીએ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. આટલું જ નહીં સૌપ્રથમવાર માતા જાનકીની જન્મજયંતિની પણ ભવ્ય મંદિરમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. માતા જાનકીની જન્મજયંતિને લઈને બે દિવસ સુધી અયોધ્યામાં આખું શહેર ગુંજી ઉઠશે. રામ નવમી બાદ મંદિરો અને મૂર્તિઓની નગરી અયોધ્યામાં ફરી એકવાર જાનકી જન્મોત્સવની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રંગ મહેલ, દશરથ મહેલ સહિત છોટી દેવકાલી મંદિરમાં માતા સીતાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. એટલું જ નહીં સીતા જન્મોત્સવ નિમિત્તે મઠ મંદિરોમાં યજ્ઞ વિધિ શરૂ કરવામાં આવશે. જ્યારે કનક ભવન ખાતે જાનકી નંદિનીના ઉત્સવની ભક્તિ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે, તેવી જ રીતે અયોધ્યાના જાનકી મહેલ, શ્રી રામ વલ્લભ કુંજ, લક્ષ્મણ કિલ્લા, સહિત ડઝનબંધ મઠ મંદિરોમાં માતા જાનકીની જન્મજયંતિ ધામધૂમથી ઉજવવામાં આવશે. સિયારામ કિલ્લો. દશરથ મંદિરના મહંત બિંદુ ગદાચાર્ય દેવેન્દ્ર પ્રસાદાચાર્યએ જણાવ્યું કે, જાનકી નવમી નિમિત્તે મોટી જગ્યા દશરથ રાજમહેલ મંદિરમાં શ્રી રામ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવશે. મકોરા ધામ સ્થિત શ્રી રામ જાનકી મંદિરમાં આ યજ્ઞનું આયોજન કરવામાં આવશે. માતા જાનકીનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે.

ચૂંટણી સભામાં લઈ જવામાં આવતું હેલીકોપ્ટર ક્રેશ

## શિવસેના નેતા સુષમા અંધારેનું હેલીકોપ્ટર ક્રેશ



। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૩ ।

મહારાષ્ટ્રના મહાડમાં શિવસેના નેતા સુષમા અંધારે માટે સભામાં લઈ જવામાં આવતા હેલીકોપ્ટર ક્રેશ થઈ ગયું છે. સુષમા અંધારેનું હેલીકોપ્ટરમાં ચડતા પહેલા જ હેલીકોપ્ટર ક્રેશ થઈ ગયું છે. પાયલટ સુરક્ષિત છે. અંધારા દ્વારા શેર કરવામાં આવેલી લાઈવ વીડિયો રેકોર્ડિંગના અનુસાર હેલીકોપ્ટર એક અજાણી જગ્યા પર લેન્ડીંગનો પ્રયાસ કરી રહ્યું હતું અને અચાનક એવું લાગ્યું કે, તે વળી ગયું છે અને ડગમગવા લાગ્યું, સંતુલન ખોઈ દીધું અને ફરીથી ખુલા મેદાનમાં ધૂળના વાદળોમાં ભારે અવાજ સાથે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. હેલીકોપ્ટરનો પાયલટ હેલીકોપ્ટરથી કુદવામાં સફળ રહ્યો અને બચી ગયો. પણ રાયગઢના મહાડ શહેરમાં થયેલી દુર્ઘટનામાં સફેદ અને વાદળી રંગની રોટરી વિંગર ખરાબ રીતે તૂટી ગયું. પોલીસ અને બચાવ દળ ઘટનાની તપાસ માટે ઘટનાસ્થળ પર પહોંચ્યા, જ્યાં તેમનું હેલીકોપ્ટર ઉડાન ભરવા જઈ રહેલા સુષમા અંધારે જિલ્લાના વિવિધ ભાગમાં પોતાની નિર્ધારિત ચૂંટણી બેઠકો માટે એક કારમાં આગળ વધી રહ્યા હતા. સુષમા અંધારે રાયગઢ જિલ્લાના બશીરભાઈ ચિંચકર ગ્રાઉન્ડમાં નક્કી કરેલી જગ્યા પર હેલીકોપ્ટર ઉતરવાની રાહ જોઈ રહ્યા હતા. ત્યારે આ દુર્ઘટના થઈ. આ દુર્ઘટના સવારે ૯.૨૦ કલાકની આજુબાજુમાં થઈ છે.

મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં ભયાનક અકસ્માત

## ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોના કરુણ મોત નિપજ્યા



। (એજન્સી) અકોલા, તા.૩ ।

મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં શુક્રવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. વિધાન પરિષદના સભ્ય કિરણ સરનાઈકના પરિવારની કાર રોડ અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં ધારાસભ્ય કિરણ સરનાઈકના પરિવારના સભ્યો સહિત પાંચ લોકોના મોત થયા છે. આ અકસ્માત અકોલા જિલ્લાના પાતુર શહેર પાસે થયો હતો. કિરણ સરનાઈકના ભત્રીજા રઘુવીર સરનાઈકનું અકસ્માતમાં મોત થયું હતું. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને અકોલાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ માર્ગ અકસ્માત બે કાર વચ્ચે સામસામે અથડાવાને કારણે થયો હતો. કારમાં કિરણ સરનાઈકનો ભાઈ, ભત્રીજો, પુત્રી અને પૌત્રી મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને કારના ટુકડા થઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. તેમજ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે વાશિમ રોડ પર બે કાર સામસામે અથડાયા બાદ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં કિરણ સરનાઈકના ભત્રીજા રઘુવીર સરનાઈક (૨૮)નું મોત થયું છે. શિવાજી આમલે (ઉંમર ૩૦), સિદ્ધાર્થ યશવંત ઈંગલે (ઉંમર ૩૫) અને નવ મહિનાના બાળક સહિત પાંચ લોકોના મોત થયા છે. અકસ્માતમાં ત્રણ લોકો ઘાયલ થયા છે.

## અમેરિકામાં ફ્રોડ કરનારા સતીષ પટેલને ૩૨ મહિનાની જેલ થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમેરિકામાં છ લાખ ડોલરનું ફ્રોડ કરવાના મામલામાં મૂળ ગુજરાતી સતીષ પટેલને કોર્ટે બે વર્ષ અને આઠ મહિનાની સજા ફટકારી છે. સતીષ પટેલને જેલની સજા ભોગવવાની સાથે તેણે ૬,૩૧,૩૩૬ ડોલર પણ સરકારને ચૂકવવાના રહેશે, મતલબ કે તેણે ઠગાઈના ધંધામાં જેટલી કમાણી કરી હોવાનો આરોપ છે તે બધી તેને પાછી આપી દેવી પડશે, અને સાથે જ અઢી વર્ષથી પણ વધુ સમય સુધી જેલમાં પણ રહેવું પડશે. સતીષ પટેલ અમેરિકનોને ટેલીફોન સ્કેમ્સ મારફતે ઠગતા એક ગ્રુપ સાથે સંકળાયેલો હતો, આ ગ્રુપ અમેરિકા ઉપરાંત ઈન્ડિયાથી પણ ઓપરેટ કરતું હતું. સતીષ પટેલને ફટકારવામાં આવેલી સજાના મેમોરેન્ડમ અનુસાર આ ઠગ જે ગેંગ સાથે સંકળાયેલો હતો તે અમેરિકામાં સિનિયર સિટીઝન્સને ટાર્ગેટ કરતી હતી. આવા લોકોને એવું કહેવામાં આવતું હતું કે તેમનું બેંક અકાઉન્ટ જોખમમાં છે, અને જો તમારે તમારા પૈસા બચાવવા હોય તો તાત્કાલિક તેને વિડ્રો કરી સરકારી અધિકારીને આપી દો.

## મહેસાણામાં આખરે સિટીબસ સેવા બંધ કરવામાં આવી

। (એજન્સી) મહેસાણા, તા.૩ ।

મહેસાણામાં આખરે સિટીબસ સેવા બંધ કરવામાં આવી. કોન્ટ્રાકટરને બિલની ચૂકવણી ના કરવામાં આવતા આખરે આ સેવા બંધ કરવાનો નિર્ણય કરાયો છે. બસ સેવા બંધ થવાથી શહેરીજનોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. સિટીબસ સેવાનો કોન્ટ્રાકટ એક એજન્સીને આપવામાં આવ્યો હતો. પરંતુ નગર પાલિકાએ આ એજન્સીને લાંબા સમયથી બિલની ચૂકવણી કરી નથી. લગભગ ૬ મહિનાથી નગર પાલિકા દ્વારા એજન્સી બિલ ચૂકવવામાં આવ્યું નથી. આથી આ મામલે હવે કોન્ટ્રાક્ટરે પણ કડક વલણ અપનાવતા બસ સેવા બંધ કરવાનો નિર્ણય લીધો.બે મહિના પહેલા પણ મહેસાણામાં સિટીબસ સેવા બંધ કરવામાં આવી હતી. એ સમયે એજન્સીને સોંપવામાં આવેલ સિટીબસને સોંપવામાં કામગીરીમાં બસના રૂટની સમસ્યા જોવા મળી હતી. જેના કારણે મુસાફરો પણ રઝળી પડયા હતા. એજન્સીને નગરપાલિકાએ નોટીસ આપ તા દંડ ફટકાર્યો હતો. જેના બાદ સેવા કાર્યરત થઈ હતી. ત્યારે હવે થોડા જ સમયમાં ફરી સિટીબસ સેવા બંધ થતા નગરપાલિકા અને એજન્સી વચ્ચે ચાલતો વિખવાદ સામે આવ્યો. બંનેના વિખવાદમાં મુસાફરો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.



જૂનાગઢ મજેવડી દરવાજા નજીકથી રીપેરીંગમાં મુકેલી ખાનગી ટ્રાવેલ્સ ચોરનાર શખ્સને પોલીસે ઝડપી લીધો હતો અને ૮.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### પરેશ ધાનણીના ભાષ્ણના વિડિયો આધારે ફરીયાદ

## પરેશ ધાનાણી સામે ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાઈ

। (એજન્સી) રાજકોટ, તા.૩ ।

રાજકોટના કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણી સામે ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાઈ છે. ભાજપે પરેશ ધાનાણીની ચૂંટણી પંચમાં ફરિયાદ કરી છે. ચૂંટણી પંચના રિટર્નિંગ ઓફિસરે પરેશ ધાનાણીના ભાષણના વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે. મળતા અહેવાલ મુજબ પરેશ ધાનાણીએ ક્ષત્રિય અને પાટીદાર સમાજને હરખપદુડા કહેતા ભાજપે ફરિયાદ કરી છે. ચૂંટણી પંચના રિટર્નિંગ ઓફિસરે વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે. રાજકોટ પશ્ચિમમાં આચારસંહિતાના ઉલ્લંઘનની સૌથી વધુ ૧૩૨ ફરિયાદ નોંધાઈ છે. આચારસંહિતાના ઉલ્લંઘનની સૌથી ઓછી ૭ ફરિયાદ જસદણમાં નોંધાઈ છે. થોડા દિવસ પહેલા રાજકોટ કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ પાટીદાર અને ક્ષત્રિયો પર કટાક્ષ કર્યો હતો. પરેશ ધાનાણીએ ક્ષત્રિય અને પાટીદારોને હરખ પદુડા કહ્યાં હતા. આ સાથે "૧૯૯૫માં ભય, ભુખ અને ભ્રષ્ટ્રાચાર દૂર કરવા ભાજપનું બીજ વાવ્યું" હોવાના પણ ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. આ નિવેદન બાદ વિવાદ થઈ રહ્યો છે.આ સાથે ધાનાણીએ ૧૯૯૫ને યાદ કરાવ્યો હતો. ધાનાણીએ પોતાના ભાષણમાં ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતુ કે કોઈ સમાજ બાકી રહ્યા નથી, વારાફરતી બધાનો વારો આવી રહ્યો છે.

### રાજ્યમાં અંગ દઝાડતી ગરમી પડશે

## હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં આપ્યું યલો એલર્ટ

### સૌરાષ્ટ્રમાં હોટ અને હ્યુમિડ વાતાવરણ રહેવાની શક્યતા

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

રાજ્યમાં હાલ ગરમીમાં થોડી રાહત છે પણ આગામી ત્રણ દિવસ પછી અંગ દઝાડતી ગરમી પડશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે રાજ્યના લોકોએ વધુ ગરમીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. હવામાન વિભાગ અનુસાર ૫ મેથી રાજ્યમાં કાળઝાળ ગરમી પડશે. ૭ મે ના રોજ અમદાવાદનું તાપમાન ૪૩ડિગ્રી સુધી જઈ જશે છે. ત્રણ દિવસ બાદ અમદાવાદનું તાપમાન ૪૧થી ૪૩ ડિગ્રી સુધી જઈ જશે. ત્રણ દિવસ બાદ ફરી રાજ્યમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર સૌરાષ્ટ્રમાં હોટ અને હ્યુમિડ વાતાવરણ રહેવાની શક્યતા છે. રાજ્યમાં ત્રણ દિવસ બાદ ફરી યેલો અલર્ટ આપવામાં આવ્યું છે. ૫ મેથી કચ્છ, પોરબંદર, ગીરસોમનાથ અને ભાવનગરમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે જ્યારે અમદાવાદમાં ૪૧ ડિગ્રી તાપ માન નોંધાયું છે.

દિલ્હી-એનએસીઆરમાં દિવસ દરમિયાન સપાટી પરના મજબૂત પવનની અપેક્ષા છે. તે જ સમયે, હવામાન શુષ્ક રહેશે. દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ રહેશે. તે જ સમયે શનિવારે સામાન્ય રીતે વાદળછાયું રહેશે અને તાપમાનમાં વધારો થશે, પરંતુ હળવા વરસાદ અને ઝરમર ઝરમરની પણ સંભાવના છે, જેના કારણે લોકોને ગરમીથી રાહત મળી શકે છે. દેશના મોટાભાગના રાજ્યોમાં હવામાન ચોખ્ખું રહેશે. બિહાર, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને તેલંગાણામાં હીટવેવની ચેતવણી જારી કરવામાં આવી હતી.

કોંકણ-ગોવા, કોસ્ટલ કર્ણાટક, કેરળ અને તમિલનાડુ-પુડુચેરીમાં ગરમીની સાથે ભેજ મુશ્કેલી સર્જશે. તટીય આંધ્ર પ્રદેશમાં વાવાઝોડા અને વીજળીને લઈને ચેતવણી પણ જારી કરવામાં આવી છે.

## રોકાણના નામે ઠગાઈના કૌભાંડનો પર્દાફાશ થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

રોકાણના નામે છેતર પિંડી કરતી ટોળકીને ઝડપી લઈને ક્રાઈમ બ્રાંચે આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે શખ્સોની ધરકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની વિગત મુજબ આરોપીઓએ લોકોને ૪ ટકા નફાની લાલચ આપીને રોકાણ કરવા માટે લલચાવ્યા હતા. બાદમાં તેમની પાસે મોટી રકમનું રોકાણ કરાવ્યું હતું. દરમિયાન લોકો પાસે અંદાજે ૭૮ લાખ રૂપિયાનું રોકાણ કરાવીને કંપની બંધ કરી દીધી હતી. નવરંગ પુરામાં આ અંગે એક કરોડ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોધાવવામાં આવી હતી. આ અંગે ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરીને બે આરોપી ની ધરપકડ કરી હતી.

### ચીખલીમાં બનેલી અનોખી ઘટના સામે આવી

## લાખોનો વીમો પકવવા માટેના પ્લાન ઘડીને છેતરપીંડી કરી

### વીમો પકવવાની ફિરાકમાં રહેલા ટ્રક ચાલક અને માલિક સહિત ૪ લોકોની સામે ગુનો નોંધી ચીખલી પોલીસે ચાલક અને માલિકની ધરપકડ કરી

। (એજન્સી) નવસારી, તા.૩ ।

લાખો રૂપિયાના કપાસનો વીમો ઉતરાવી તેની જગ્યાએ વેસ્ટ કપાસ ભરીને ટ્રક સાથે સળગાવી ૨૯.૯૬ લાખ રૂપિયાનો વીમો પકવવાની ફિરાકમાં રહેલા ટ્રક ચાલક અને માલિક સહિત ૪ લોકોની સામે ગુનો નોંધી ચીખલી પોલીસે ચાલક અને માલિકની ધરપકડ કરી છે અને બેને વોન્ટેડ જાહેર કર્યા છે.

વેપારીઓ, ખેડૂતો પાક ઉપર લાખોનો વીમો લેતા હોય છે. જેથી કોઈ અઘટિત ઘટના બને તો તેમની મહેનત ઉપર પાણી ન ફરી વળે. પરંતુ આ સુવિધાનો ઘણા વેપારીઓ કે ખેડૂતો ખોટો ફાયદો ઉઠાવી લાખો ગજવે ઘાલી લેતા હોય છે. આવી જ કઈક ઘટના નવસારીના ચીખલીમાં સામે આવી છે. ગત ૨૨ એપ્રિલના રોજ ખલીલ નજીર મહમદ મન્સૂરીએ મહારાષ્ટ્રના નંદુરબારથી તેની ટ્રકમાં ૨૯.૯૬ લાખ રૂપિયાના કપાસના કાર્ટૂન ભર્યા હતા અને તેને લઈને સેલવાસની આલોક કંપનીમાં જતો હતો.ખલીલે આટલું મોંઘુ કપાસ હોવાથી તેનો વીમો ઉતરાવ્યો હતો. પરંતુ રસ્તામાં ખલીલ અને તેના ટ્રક ચાલક આરીફ શબ્બીર મન્સૂરી તમેજ અન્ય બે સભ્યો શાહરૂખ મુબારક મન્સૂરી અને સદ્દામ સાથે મળીને લાખોના કપાસને બાળીને તેનો વીમો પકવવાનો પ્લાન ઘડી કાઢ્યો હતો. જેમાં ૨૩ એપ્રિલની વહેલી સવારે વાંસદાથી ચીખલી માર્ગ પ્ર રાનકુવા પાસે ટ્રકમાંથી લાખોના કપાસના કાર્ટૂન અન્ય ટ્રકમાં ભરીને કાઢી લીધા હતા અને તેની જગ્યાએ હલકી કક્ષાનું કપાસ ભરી, તેમાં આગ લગાડી દીધી હતી. અચાનક ટ્રકમાં આગ લાગી હોવાની વાત ફેલાવી, સ્થાનિક પોલીસને પણ જાણ કરી હતી. આગમાં ૨૯.૯૬ લાખ રૂપિયાનું કપાસ અને ૧૨ લાખ રૂપિયાની ટ્રક પણ બળીને રાખ થઈ ગઈ હતી. જેમાં ટ્રક ચાલક આરીફ મન્સૂરી અને ખલીલ મન્સૂરીની ફરિયાદને આધારે ચીખલી પોલીસે તપાસ આરંભી હતી. પરંતુ શરૂઆતથી જ પોલીસને ટ્રકમાં આગ લાગવા મુદ્દે શંકા હતી.

## વડોદરામાં ઓનલાઈન જુગાર રમાડતા દુકાનદાર સહિત છ વ્યક્તિઓ ઝડપાયા

। (એજન્સી) વડોદરા, તા.૩ ।

વડોદરાના કિશનવાડી વિસ્તારમાં ભાડે રાખેલી દુકાનમાં એચ.એસ ઓનલાઈન માર્કેટિંગ ફ્રેન્ચાઈઝીમાં જુગારીયાઓને યંત્ર મશીનના સહારે જુગાર રમાડતા પોલીસે દરોડો પાડીને અડ્ડા સંચાલક બે જણા સહિત ૬ આરોપીઓની ધરપકડ કરીને રોકડ રૂપિયા ૧૨ હજાર સહિત યંત્ર મશીન સહિત અન્ય મળી રૂ.૪૮૧૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની વિગત એવી છે કે કિશનવાડી જાગૃતિ મોહલ્લામાં દુકાન ભાડે રાખીને કાઠીયાવાડી આરોપી સહિત બે જણા પાર્ટનરશીપમાં યંત્રની મદદથી જુગારખાનું ચલાવતા હોવાની બાતમી બાપોદ પોલીસને મળી હતી. ઘટના સ્થળે ઘસી ગયેલી પોલીસે દરોડો પાડતા યંત્રની મદદથી જુગારખાનું ચલાવનાર વાહીદ ઈકબાલ ચોટલીયા (રહે.ગોંડલ) તથા ફારુક ઉર્ફે મુન્નો ચૌહાણ (ખતીજા પાર્ક, બાપોદ) સહિત સંદીપ બાબુ સોલંકી (રહે-ખોડીયાર નગર ન્યુ વીઆઈપી રોડ), હરિઓમ જશુ ગામેચી(રહે-ઈશ્વર કૃપા સોસા. કિશનવાડી, અરુણ ચીમન ઠાકોર (રહે-કિશનવાડી), ભદ્રેશ નગીન મકવાણા (રહે-શાસ્ત્રીનગર ન્યુ વીઆઈપી રોડ), મહેન્દ્ર કાલિદાસ વણકર (રહે-રામદેવ ફળિયા કિશનવાડી), વાહિદ ઈકબાલ ચોટલીયા (રહે-ગોંડલ) સહિત તમામને દબોચી લીધા હતા. પરંતુ ઘટના સ્થળેથી ફરાર આરોપી ફારુક ઉર્ફે મુન્નો ચૌહાણ (રહે-ખતીજા પાર્ક, બાપોદ)ની સઘન તપાસ પોલીસે હાથ ધરી છે.

### ચાર લાખ જેવી રકમ માટે માનસિક ત્રાસ આપતા હતા

## વ્યાજખોરોના ત્રાસથી પોલીસમેનનાં માતા-પિતાનો ઝેર પી આપઘાત

### બનાવની જાણ હોસ્પિટલ ચોકી સ્ટાફે ઈન્કવેસ્ટ પંચનામુ કરી મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું

। (એજન્સી) રાજકોટ, તા.૩ ।

વિવિધ વિસ્તારોમાં વ્યાજખોરોના ત્રાસની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે ટંકારાના છતર ગામે વ્યાજખોરોના ત્રાસથી પોલીસમેન યુવકનાપિતા તથા માતાએ ઝેર પીને જીવન ટુંકાવ્યાની ઘટના સામે આવી છે.




ચાર લાખ જેવી રકમ માટે માનસિક ત્રાસ આપતા વ્યાજખોરોથી બુઝુર્ગ દંપતી તંગ આવી ગયું હતું. આ ઘટનાથી ગામમાં અરેરાટી ફેલાઈ હતી. રાજકોટ તાલુકાના હડાળા ગામે રહેતાં નિલેશભાઈ મનસુખભાઈ ખુંટ (ઉ.૪૫) અને તેમના પત્ની ભારતીબેન નિલેષભાઈ ખુંટ (ઉ.૪૩) એ ગઈકાલે હડાળાના ઘરેથી નીકળી ટંકારા તાલુકાના છતર ગામે આવેલી પ્રાથમિક શાળા નજીક પહોંચી સજોડે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પતિ નિલેષભાઈ અને બાદમાં પત્ની ભારતીબેને ટુંકી સારવારને અંતે દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકી સ્ટાફે ઈન્કવેસ્ટ પંચનામુ કરી મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, આપઘાત કરનાર દંપતીનો પુત્ર મિલનભાઈ ખુંટ રાજકોટ શહેર પોલીસની સ્પેશિયલ બ્રાંચમાં ફરજ બજાવે છે. આથી તેમને જાણ કરવામાં આવતાં તેઓ હોસ્પિટલે દોડી આવ્યા હતાં. માતા-પિતા બંનેને એક સાથે ગુમાવી દેતાં તે ઊંડા આઘાતમાં ગરક થઈ ગયા હતાં. આપઘાત કરી લેનારા નિલેશભાઈ ખુંટ દરરોજ રાજકોટ આવી પુનિનગર પાસે પાણીના ટાંકા નજીક લીલી મકાઈના ડોડાનું વેંચાણ કરી ગુજરાન ચલાવતા હતા. છેલ્લા કેટલાક સમયથી આર્થિક સંકડામણ અનુભવતા હતા. તેમજ વ્યાજખોરીમાં પણ ફસાયાની ચર્ચા વહેતી થઈ હતી. જો કે હાલ પુત્ર કે પરિવારજનો તરફથી આ મામલે વિસ્તૃત વિગતો પોલીસને જણવાઈ નથી. બે ત્રણ લોકો પાસેથી અલગ અલગ રકમ લઈ સિત્તેર એંસી હજાર જેવી રકમ ભરપાઈ કરી દીધી હોવા છતાં વધુ ઉઘરાણી થતી હોવાની ચર્ચાઓ વહેતી થઈ હતી. આપઘાતનું કારણ વ્યાજખોરી છે કે પછી અન્ય કંઈ? તે જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી. દરમિયાન આપઘાત કરી લેનારા દંપતીના પુત્ર મિલનભાઈ ખુંટે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, મારા પિતા બે ભાઈમાં મોટા હતાં. તેઓ વ્યાજખોરીમાં ફસાયાની મને જાણ નહોતી. પરંતુ પરમ દિવસે જ મને ફોન કરીને કહ્યું હતું કે પોતાને ચાર લાખ ચુકવવા માટે દબાણ થઈ રહ્યું છે. ચાર પાંચ લોકો વ્યાજ માટે હેરાન કરે છે. ઘરે આવે છે, આથી મેં તેમને લોનની વ્યવસ્થા કરી આપી વ્યાજખોરોને ચુકવી આપ વા દિલાસો આપ્યો હતો. તેમણે ક્યારે અને કોની પાસેથી રકમ લીધી? કેટલી રકમ લીધી? તેની મને બહુ જાણ નથી. પણ પિતાની મોબાઈલ ફોન લોક હોઈ તે પોલીસ ખોલશે પછી મોબાઈલમાંથી વ્યાજખોરોના નામ સહિતની વિગતો સામે આવવાની શક્યતા છે.

### જિલ્લા શિક્ષણાધિકારીના માર્ગદર્શનમાં ૫૭૧ શાળાઓમાં ૫૧૩૯ લોકો મતદાન જાગૃતિ માટે રંગોળી કાર્યક્રમમાં જોડાયા

## જિલ્લા SVEEP ટીમ દ્વારા જિલ્લાની શાળાઓ, જાહેર સ્થળો, ગ્રામ્ય વિસ્તારો સહિત હિમાલયા મોલ અને ફન બ્લાસ્ટ ખાતે રંગોળી દ્વારા મતદાનની અપીલ

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

આગામી તારીખ ૭મી મેના રોજ રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે મતદાન યોજાનાર છે. આ ચૂંટણીમાં મહત્તમ સંખ્યામાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરીને મહત્તમ મતદાન કરે તે ઉદેશથી **SVEEP (Systematic Voters Education and Electoral participation program)** કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

જે અંતર્ગત અમદાવાદમાં નાગરિકોને તેમના અમૂલ્ય મતનું મહત્વ સમજાવીને તેમને અચૂક મતદાન માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી શિક્ષણ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર/જિલ્લામાં વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. આવા જ એક કાર્યક્રમ અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર અને ગ્રામ્યના માર્ગદર્શનમાં જિલ્લા **SVEẼ** ટીમ દ્વારા જિલ્લાની શાળાઓ, જાહેર સ્થળો સહિત હિમાલયા મોલ અને ફન બ્લાસ્ટ ખાતે કલાત્મક રંગોળીના માધ્યમથી વિવિધ મતદાન જાગૃતિ સૂત્રો દ્વારા મતદાનની અપીલ કરવામાં આવી હતી. ૫૭૧ શાળાઓમાં ૫૧૩૯ લોકોએ રંગોળીના માધ્યમથી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. સાથે જ, શહેરના હિમાલયા મોલ અને ફન બ્લાસ્ટ ખાતે પણ રંગબેરંગી રંગોળી દ્વારા મોલમાં આવનારા મુલાકાતીઓને તેમના મતનું મહત્વ સમજાવીને મતદાન અવશ્ય કરવા માટે અપીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત, અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી અને **ICDS** વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ રંગોળી સ્પર્ધા દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં ૬૬૩૧ વ્યક્તિઓએ ભાગ લઈને રંગોળીના માધ્યમથી અચૂક મતદાન કરવાનો સંદેશ પાઠવ્યો હતો.









નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રાલયના સચિવ શ્રી ગિરધર અરમા અને ઇન્ડોનેશિયાના સેક્રેટરી જનરલ, એર માર્શલ ડોની એરમાવાન તૌફન્ટોએ M.D.S. સાથે મળ્યા અને ૭મી ભારત-ઇન્ડોનેશિયા સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિના (JDCC)બેઠકનું આયોજન કર્યું.

### પુરકાયસ્થ અને સિંઘમ એકબીજા સાથે જોડાયેલા

# ન્યૂઝક્લિક કેસઃ તિસ્તા સેતલવાડ 'ન્યૂઝ-સિંડિકેશન કૌભાંડ'નો ભાગ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હી પોલીસે ન્યૂઝક્લિક અને તેના સ્થાપક પ્રબીર પુરકાયસ્થ સામેની તેની ચાર્જશીટમાં દાવો કર્યો છે કે તિસ્તા સેતલવાડને ભ્રષ્ટ વિદેશી ભંડોળ મળ્યું હતું અને તે 'ન્યૂઝ-સિંડિકેશન કૌભાંડ'નો ભાગ હતો.દિલ્હી પોલીસે ન્યૂઝક્લિક અને તેના સ્થાપક પ્રબીર પુરકાયસ્થ સામેની તેની ચાર્જશીટમાં દાવો કર્યો છે કે તિસ્તા સેતલવાડે ભ્રષ્ટ વિદેશી ભંડોળ મેળવ્યું હતું અને તે 'ન્યૂઝ-સિંડિકેશન કૌભાંડ'નો ભાગ હતો. ઈન્ડિયા ટુડે દ્વારા એક્સેસ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ, પોલીસે દાવો કર્યો હતો કે સેતલવાડને 'સગવડભર્યા માધ્યમો' દ્વારા પૈસા મળ્યા હતા.તિસ્તા સેતલવાડ દ્વારા સંચાલિત 'સબરંગ ઈન્ડિયા' નામના પોર્ટલને આ 'ન્યૂઝ-સિંડિકેશન કૌભાંડ' દ્વારા કથિત રીતે ભંડોળ પ્રાપ્ત થયું હતું. ચાર્જશીટ મુજબ સેતલવાડ માટે કામ કરતા લેખકો અને કટારલેખકોને પ્રબીર પુરકાયસ્થ દ્વારા ચૂકવણી કરવામાં આવી હતી.એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે આ કટારલેખકો અને લેખકોની લેખકતા તેમના નામની જગ્યાએ 'સબરંગ ઈન્ડિયા' દર્શાવવામાં આવી છે. આનાથી તિસ્તા સેતલવાડને 'સબરંગ ઈન્ડિયા' માટે લગભગ ૩ લાખ રૂપિયા, તેના કર્મચારીઓ માટે રૂપિયા ૧ કરોડથી વધુ અને તેના પરિવારના અંગત ઉપયોગ માટે રૂપિયા ૩૯ લાખ મેળવવામાં મદદ મળી.

### અમેરિકી યુનિવર્સિટીઓમાં ઈઝરાયલ વિરોધી વિરોધ પર

# અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, અમે અમેરિકામાં જેહાદ નથી ઈચ્છતા...

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ગાઝા પર ઈઝરાયેલના હુમલાના વિરોધમાં અમેરિકામાં મોટા પાયે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. કેટલીક અમેરિકન યુનિવર્સિટીઓમાં ઈઝરાયેલ તરફી અને વિરોધી જૂથો વચ્ચે હિંસક અથડામણો પણ થઈ હતી. આ દરમિયાન અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ વિરોધને લઈને ખૂબ જ કડક નિવેદન આપ્યું છે. ટ્રમ્પનું કહેવું છે કે કોલંબિયા યુનિવર્સિટીની એક ઈમારત પર પેલેસ્ટાઈન તરફી વિદ્યાર્થીઓનો કબજો હતો, જે રીતે ન્યૂયોર્ક પોલીસે આ વિદ્યાર્થીઓને પાઠ ભણાવ્યો હતો. આ જોવાની ખૂબ મજા આવી. ટ્રમ્પે આ દેખાવકારોને પાગલ અને હમાસના સહાનુભૂતિ દર્શાવતા કહ્યું કે અમને અમેરિકામાં જેહાદની જરૂર નથી.૨૦૨૪ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન પાટીના ઉમેદવાર ટ્રમ્પે પૂછ્યું કે શું



આપણે કોઈ પણ સંજોગોમાં ગાઝા જેવા હમાસના નિયંત્રણવાળા આતંકવાદી ગઢમાંથી હજારો શરણાર્થીઓને અમેરિકા લાવવા જોઈએ. અમે આ કરી શકતા નથી. આપણો દેશ પણ આપણે ચલાવવાનો છે. આ દેશ સારો રહેવો જોઈએ. આપણો દેશ સંકટમાં છે.ટ્રમ્પે કહ્યું કે જો આપણે આ ચૂંટણી નહીં જીતીએ તો મને નથી લાગતું કે આપણો દેશ બચશે. મેં ક્યારેય આ વાત જાહેરમાં સ્વીકારી નથી. પરંતુ હું લાંબા સમયથી આવું અનુભવી રહ્યો હતો. મને ખરેખર લાગે છે કે આપણો દેશ ટકી શકશે નહીં. ઘણા મુસ્લિમ દેશો છે જેનો આપણે સામનો કરવો પડશે. અમે અમેરિકામાં જેહાદ નથી ઈચ્છતા. અમે નથી ઈચ્છતા કે અમારા મહાન શહેરો આતંકવાદના ધામ બની જાય. ટ્રમ્પે કહ્યું કે એક વખત હું રાષ્ટ્રપતિ બનીશ તો હું ફરીથી ટ્રાવેલ પ્રતિબંધ પર કામ કરીશ, શરણાર્થીઓના અમેરિકા આવવા પર પ્રતિબંધ મુકવામાં આવશે અને આતંકવાદીઓને આ દેશમાંથી દૂર રાખવામાં આવશે.ગયા વર્ષે ૭ ઓક્ટોબરે હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો, જેમાં ૧૨૦૦થી વધુ ઈઝરાયેલી નાગરિકો માર્યા ગયા હતા. આ પછી ઈઝરાયેલે બદલો લીધો અને ગાઝા પર હુમલો કર્યો. ગાઝા પર ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં ૩૪,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયન નાગરિકોના મોત થયા છે, જેમાં સૌથી વધુ સંખ્યા મહિલાઓ અને બાળકોની છે. ગાઝા પર ઈઝરાયેલના આ હુમલાને લઈને અમેરિકન વિદ્યાર્થીઓ નારાજ છે.

### એક મહિનાથી લખનૌની હોસ્પિટલમાં દાખલ હતા

# ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના રાષ્ટ્રીય સચિવ અતુલ કુમાર અંજનનું નિધન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતીય કમ્યુનિસ્ટ પાટીના રાષ્ટ્રીય સચિવ અતુલ કુમાર અંજાનનું શુક્રવારે સવારે લખનૌમાં અવસાન થયું. તેઓ ઘણા સમયથી બીમાર હતા. અતુલ કુમાર છેલ્લા એક મહિનાથી લખનૌની મેયો હોસ્પિટલમાં દાખલ હતા. ૧૯૭૭માં લખનૌ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનના પ્રમુખ તરીકે રાજકારણની શરૂઆત કરનાર અતુલ અંજનને ડાબેરી રાજકારણનો મોટો ચહેરો માનવામાં આવતો હતો. અતુલ કુમાર અંજન, ૨૦ વર્ષની વયે, નેશનલ કોલેજ સ્ટુડન્ટ્સ યુનિયનના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. વિદ્યાથીઓની ચિંતાઓ વધારવા માટે લોકપ્રિય અંજને લખનૌ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનના પ્રમુખ પદ માટે સતત ચાર વખત ચૂંટણી જીતી હતી.



અતુલ કુમાર એક પ્રભાવશાળી વ્યક્તિ હતા, જેમને લગભગ અડધો ડઝન ભાષાઓનું જ્ઞાન હતું. અંજન તેના યુનિવર્સિટીના દિવસોમાં ડાબેરી પક્ષમાં જોડાયો હતો. અતુલ કુમાર અંજન ઉત્તર પ્રદેશમાં પ્રખ્યાત પોલીસ-પીએસી બળવાના મુખ્ય નેતાઓમાંના એક હતા. અંજને તેની રાજકીય સફર દરમિયાન ચાર વર્ષ અને નવ મહિના જેલમાં પણ વિતાવ્યા હતા. તેમના પિતા ડૉ. એ.પી. સિંહ એક પીઢ સ્વાતંર્ત્ય સેનાની હતા જેમણે હિન્દુસ્તાન સોશ્યલિસ્ટ

### પ્રજ્વલ જર્મની ભાગી ગયો હતો

# પ્રજ્વલના પરિવારની મુશ્કેલી વધી, યુવકે માતાના અપહરણનો આરોપ



। (એજન્સી) મૈસૂર, તા.૩ ।

સેક્સ સ્કેન્ડલમાં ફસાયેલા સાંસદ પ્રજ્વલ રેવન્નાના પરિવારની મુસીબતો પણ વધી રહી છે. એક યુવકે મૈસૂરના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેની માતાનું અપહરણ કરવામાં આવ્યું છે. આરોપ છે કે પ્રજ્વલ રેવન્નાની માતાના કહેવા પર તેની માતાનું અપહરણ કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર યુવકની માતા પ્રજ્વલ રેવન્ના જાતીય સતામણીનો શિકાર બની હતી. બીજી તરફ સેક્સ સ્કેન્ડલ કેસમાં પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના ધારાસભ્ય પુત્ર એચડી રેવન્ના (૬૭ વર્ષ) અને સાંસદ પૌત્ર પ્રજ્વલ રેવન્ના (૩૩ વર્ષ)ની મુશ્કેલીઓ વધી રહી છે.કેસમાં, ફરિયાદીએ પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ મેજિસ્ટ્રેટ કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ સીઆરપીસી ૧૬૪ હેઠળ તેમનું નિવેદન નોંધ્યું છે. તેણીનું નિવેદન નોંધનાર બીજી ફરિયાદી છે.એચડી રેવન્ના અને તેમના પુત્ર પ્રજ્વલ રેવન્ના સામે તેમની નોકરાણી (ઘરેલુ મદદ)ની ફરિયાદ પર જાતીય શોષણના આરોપસર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. હવે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ એ કેસની તપાસના સંબંધમાં બંને આરોપીઓને નોટિસ મોકલીને પૂછપરછ માટે બોલાવ્યા છે.ગુરુવારે, યૌન શોષણના આરોપી એચડી રેવન્નાએ બેંગલુરુ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. ગુરુવારે, તેમને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ સમક્ષ હાજર થવા માટે નોટિસ આપવામાં આવી હતી, પરંતુ એચડી રેવન્નાએ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ સમક્ષ હાજર થયા વિના આગોતરા જામીન માટે અરજી કરી હતી.

# અકસ્માતમાં એક જ પરિવારના ચાર લોકો મોતને ભેટ્યા

। (એજન્સી) રાંચી, તા.૩ ।

રાંચીના ખલારી પોલીસ સ્ટેશન હેઠળના ભેલવટાંડમાં બોલેરો અને મોટરસાઈકલ વચ્ચેની સીધી ટક્કરમાં પતિ, પત્ની અને બે બાળકોના મોત થયા છે. આ ઘટના બુધવારે સાંજે ૬.૩૦ કલાકે બની હતી. તે દરમિયાન પુરપાટ ઝડપે આવતી બોલેરો બેકાબુ થઈ ગઈ હતી અને સીધું બાઈકને ટક્કર મારી હતી. બોલેરોની સ્પીડ એટલી વધુ હતી કે તે મોટરસાયકલને થોડે દૂર સુધી ખેંચી ગઈ હતી. રાંચીમાં પુરઝડપે આવી રહેલ બોલેરોએ બાઈકને ધડાકાભેર ટક્કર મારતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ હોમગાર્ડ જવાન પંકજ કુમાર (૩૩ વર્ષ) તેની પત્ની ગુડિયા દેવી (૩૧ વર્ષ), પુત્રો દીપરાજ કુમાર (૧૧ વર્ષ), રાજદીપ કુમાર (૯ વર્ષ) અને પુત્રી શાલિની કુમારી (૭ વર્ષ) સાથે મોટરસાઈકલ પર પોતાના ઘરે જઈ રહ્યા હતા.

### પાકિસ્તાનમાં ટેક્સ રિટર્ન ફાઈલ ન કરનારા

# પાંચ લાખ લોકોના મોબાઈલ સિમ કાર્ડને સરકાર બ્લોક કરશે

## સિમ બંધ કરવા માટે ૨.૪ મિલિયનમાંથી ૦.૫ મિલિયનથી વધુ લોકોની ઓળખ

। (એજન્સી) લાહોર, તા.૩ ।

ભારતના પાડોશી દેશ પાકિસ્તાનમાં સત્તાવાળાઓએ ટેક્સ ચોરી કરનારાઓ સામે કાર્યવાહી કરવા માટે એક નવું અભિયાન શરૂ કરવાની તૈયારી કરી લીધી છે. આ અંતર્ગત પાંચ લાખથી વધુ ટેક્સ ડિફોલ્ટર્સના મોબાઈલ ફોન સિમ કાર્ડ બ્લોક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એજન્સી અનુસાર, ફેડરલ બોર્ડ ઓફ રેવન્યુ (FBR) એ ઈન્કમ ટેક્સ જનરલ ઓર્ડર (ITGO)માં કહ્યું છે કે જે લોકોએ ૨૦૨૩ માટે તેમના ટેક્સ રિટર્ન ફાઈલ કર્યા નથી તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. જેમાં ૫૦૬,૬૭૧ લોકોનો સમાવેશ થાય છે. તેણે પાકિસ્તાન ટેલિકોમ્યુનિકેશન ઓથોરિટી (PTA) અને તમામ ટેલિકોમ કંપનીઓને ૨૦૨૪ના ઈન્કમ ટેક્સ જનરલ ઓર્ડર (ITGO) નંબર ૦૧ને ૧૫ મે સુધીમાં તેમના સિમ બ્લોક કરવા અને કમ્પ્લાયન્સ રિપોર્ટ ફાઈલ કરવાનો આદેશ આપ્યો છે.અહેવાલ મુજબ, એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે FBR એ ૨.૪ મિલિયન સંભવિત કરદાતાઓની ઓળખ કરી છે, જેઓ ટેક્સ રોલ્સમાં હાજર ન હતા. બાદમાં આ લોકોને નોટિસ પાઠવવામાં આવી હતી. FBR એ સિમ નિષ્ક્રિય કરવા માટે ૨.૪ મિલિયનમાંથી ૦.૫ મિલિયનથી વધુ વ્યક્તિઓની ઓળખ કરી છે.

આ વ્યક્તિઓએ ટેક્સ વર્ષ ૨૦૨૩ માટે તેમના રિટર્ન ફાઈલ કર્યા નથી.એક્ટિવ ટેક્સપેયર્સ લિસ્ટ (ATL) મુજબ, FBRને ૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં ૪.૨ મિલિયન ટેક્સ પેયર્સનું રિટર્ન મળ્યું, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૩.૮ મિલિયન રિટર્ન હતું. આમાં થોડો વધારો જોવા મળી રહ્યો છે.

# વીમા કંપનીઓની વિવિધ પોલિસીના પ્રીમિયમમાં ફેરફાર કરવા વિચારણા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

જો તમારી પાસે હેલ્થ ઈન્સ્યોરન્સ છે અને તેનું રિન્યૂઅલ છે, તો આ સમાચાર ચોક્કસ તમારા માટે જ છે. હા, વીમા રેગ્યુલેટર IRDAIએ તાજેતરમાં નિયમોમાં કેટલાક ફેરફાર કર્યા છે. આ પછી વીમા ક્ષેત્રમાં કેટલાક ફેરફારો થઈ શકે છે. તેની અસર ભવિષ્યમાં વીમા પ્રિમીયમ પર જોવા મળી શકે છે. નવા નિયમ અનુસાર, હવે તમારે વીમા દાવા માટે વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી રાહ જોવી પડશે. અગાઉ આ સમય મર્યાદા ચાર વર્ષની હતી. IRDAI દ્વારા કરવામાં આવેલા ફેરફારો બાદ વીમા કંપનીઓ વિવિધ પોલિસીના પ્રીમિયમમાં ફેરફાર કરવા પર વિચાર કરી રહી છે. ACKO જનરલ ઈન્સ્યોરન્સ કંપનીના વાઈસ ચેરમેન રુપિન્દરજીત સિંહે જણાવ્યું હતું કે કેટલીક વીમા કંપનીઓ પ્રીમિયમમાં ૧૦% થી ૧૫% વધારો કરી શકે છે.

### સુનાવણી વખતે કર્ણાટક હાઇકોર્ટે જણાવ્યું

# 'જાવ, ફાંસી પર લટકી જાવ'.. કહેવું આત્મહત્યા માટે ઉશ્કેરણી ન કહેવાય

## કેસની વિગત અનુસાર કોર્ટમાં અરજી કરનાર પર પાદરીને 'ગો હેંગ યોરસેલ્ફ' કહીને આત્મહત્યા માટે ઉશ્કેર્યો હોવાનો આરોપ હતો

। (એજન્સી) કર્ણાટક, તા.૩ ।

કર્ણાટક હાઈકોર્ટે જણાવ્યું છે કે, 'ગો હેંગ યોરસેલ્ફ એટલે કે જાવ, ફાંસી પર લટકી જાવ' એવું કહેવું આત્મહત્યા માટે ઉશ્કેરણી કરી હોવાનું કહી શકાય નહીં. ઉડુપીના એક ચર્ચના પાદરીની આત્મહત્યાના કેસની સુનાવણી વખતે કોર્ટે આવી ટિપ્પણી કરી હતી. કેસની વિગત અનુસાર કોર્ટમાં અરજી કરનાર પર પાદરીને 'ગો હેંગ યોરસેલ્ફ' કહીને આત્મહત્યા માટે ઉશ્કેર્યો હોવાનો આરોપ હતો. બચાવ પક્ષે જણાવ્યું હતું કે, ''અરજદારને તેની પત્ની અને પાદરી વચ્ચે અનૈતિક સંબંધ હોવાની જાણ થઈ હતી. તેને લીધે ગુસ્સામાં આવીને વ્યક્તિએ પાદરીને આવા શબ્દો કહ્યા હતા.'' અરજદારે કહ્યું હતું કે, ''પાદરીએ આત્મહત્યાનો નિર્ણય મારા શબ્દોને કારણે નહીં, લોકોને તેના કથિત સંબંધની જાણ થવાને કારણે લીધો હતો.'' પાદરીનો પક્ષ રજૂ કરનાર વકીલે જણાવ્યું હતું કે, ''આરોપીએ લોકો સામે સમગ્ર ઘટના જાહેર કરવાની ધમકી આપીને (પાદરીને) આત્મહત્યા કરવા જણાવ્યું હતું.'' કોર્ટે સુનાવણી વખતે જણાવ્યું હતું કે, ''માત્ર આવા નિવેદનો આત્મહત્યા જેવા મોટા પગલાનું કારણ બની શકે નહીં.'' કોર્ટે 'ગો હેંગ યોરસેલ્ફ' શબ્દોને ઉશ્કેરણીની કેટેગરીમાં મૂકવાનો ઈનકાર કર્યો હતો અને આત્મહત્યા માટે ઘણા કારણોને જવાબદાર ઠેરવ્યા હતા. જેમાં સૌથી મોટું કારણ એક પાદરી હોવા છતાં અનૈતિક સંબંધોમાં સંડોવણીને ગણાવ્યું હતું. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''ફરિયાદી જે સ્થિતિમાં હતો તેમાં આવા વાક્યો બોલવા હ્યુમન સાઈકોલોજીનો ભાગ છે.

એટલે 'ગો હેંગ યોરસેલ્ફ'ને આત્મહત્યાનું કારણ માની શકાય નહીં.'' કોર્ટે તમામ બાબતોને ધ્યાનમાં લીધા પછી કેસને રદ કર્યો હતો. કેસની સુનાવણી કરતાં જસ્ટીસ એમ નાગપ્રસન્નાએ જણાવ્યું કે, આરોપીએ પોતાની નારાજગીને કારણે કહ્યું હતું કે, ગો હેંગ યોરસેલ્ફ. એનો અર્થ એ નથી કે તેની સામે આઈપીસીની કલમ ૧૦૭

# આતંકવાદીના મોઢે શાંતિની વાત શોભતી નહીં : ભારત

। (એજન્સી) ન્યુ યોર્ક, તા.૩ ।

યુએન જનરલ એસમ્બલીમાં ભારતે પાકિસ્તાનને ફટકાર લગાવી હતી. ભારતે કહ્યું હતું કે તેનો ટ્રેક રેકોર્ડ તમામ બાબતોમાં ખરાબ છે. પાકિસ્તાનના રાજદ્વારી દ્વારા યુએન જનરલ એસેમ્બલી બેઠકમાં ભારતના કાશ્મીર, સિટિઝનશીપ એક્ટ અને અયોધ્યાના રામ મંદિર બાબતે ટિપ્પણી કરતા ભારતે તેના વળતા જવાબમા પાકિસ્તાન પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. ભારતના યુએનના કાયમી પ્રતિનિધિ એવા રુચિરા કાબોજે પાકિસ્તાનની નિંદા કરી હતી. પાકિસ્તાના યુએનના રાજદ્વારી એવા મુનીર અકરમે પહેલા કાશ્મીર, સિટિઝનશીપ એક્ટ અને અયોધ્યાના રામ મંદિર મુદ્દે ભારતની નિંદા કરતા તેના વળતા જવાબમાં ભારતના યુએનના કાયમી પ્રતિનિધિએ રુચિરા કામબોજે પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી. કલ્ચર ઓન પીસના મુદ્દે યોજાયેલી



આ બેઠકમાં ભારતે જણાવ્યું હતું કે પાકિસ્તાનનો આતંકવાદ સીધી રીતે જ કલ્ચર ઓન પીસનો વિરોધી છે.પાકિસ્તાન નો ટ્રેક રેકોર્ડ સૌથી શંકાસ્પદ છે ધર્મ ના નામે ભેદભાવ અને હિંસાના અનેક કિસ્સાઓ પણ સામે આવ્યા છે.આ સિવાય તમામ ધર્મનો મુખ્ય સારાંશ એવા કરુણા, સમજણ અને સહઅસતિત્વથી પણ તે વિપરીત છે. તેના પગલે સમગ્ર વિશ્વમાં એકતા પણ જળવાતી નથી. કબોજે ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે ભારત સતત શાંતિ જળવાય તે માટે પ્રયત્નશીલ છે. ભારતમાં તમામ હિન્દુ, બોદ્ધ, જૈન, શીખ, ઈસ્લામ, ખ્રિસ્તી સહિતના ધર્મો છે.

### ગયા મહિને આવી દરખાસ્તને અમેરિકાએ વીટો વાપરી અટકાવી હતી

# પેલેસ્ટાઇનને યુએનના પૂર્ણ સભ્યપદની દરખાસ્તને ભારતનું સમર્થન મળ્યું હતું

## ૧૫ સભ્યોની સિક્યોરિટી કાઉન્સિલમાં તાજેતરમાં પેલેસ્ટાઇનને યુએનનું સંપૂર્ણ સભ્યપદની દરખાસ્ત કરવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના સંપૂર્ણ સભ્ય બનવા માટેની પેલેસ્ટાઈનની અરજી પર પુનર્વિચાર કરવામાં આવશે અને તેની માન્યતા મળશે, તેવી ભારતે આશા વ્યક્ત કરી હતી. અમેરિકાએ ગયા મહિને યુએનની સિક્યોરિટી કાઉન્સિલમાં પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રનું સંપૂર્ણ સભ્યપદ આપવાની દરખાસ્ત વિરુદ્ધ વીટો વાપરી તેને અટકાવી દીધી હતી. ૧૫ સભ્યોની સિક્યોરિટી કાઉન્સિલમાં તાજેતરમાં પેલેસ્ટાઈનને યુએનનું સંપૂર્ણ સભ્યપદની દરખાસ્ત થઈ હતી. દરખાસ્તની તરફેણમાં ૧૨ મત પડ્યા હતા. સ્વિટ્ઝર્લેન્ડ અને યુકે મતદાનથી દૂર રહ્યાં હતાં, જ્યારે અમેરિકાએ વીટોનો ઉપયોગ કર્યો હતો. દરખાસ્તનો સ્વીકાર થાય તે માટે ઓછામાં ઓછા નવ કાઉન્સિલ સભ્યોએ તેની તરફેણમાં મતદાન કરવું જરૂરી છે. જોકે કાઉન્સિલના પાંચ કાયમી સભ્યો વીટો ન વાપરે તે પણ જરૂરી છે. યુએનમાં



ભારતના કાયમી પ્રતિનિધિ રુચિરા કંબોજે જણાવ્યું હતું કે સભ્યપદ માટે પેલેસ્ટાઈનની અરજી વીટોને કારણે મંજૂર કરવામાં આવી ન હતી. ભારતના વલણને ધ્યાનમાં રાખીને અમે આશા રાખીએ છીએ કે આ અંગે યોગ્ય સમયે પુનઃવિચાર કરવામાં આવશે અને પેલેસ્ટાઈનના સંયુક્ત રાષ્ટ્રના સભ્ય બનવાના પ્રયાસને સમર્થન મળશે. હાલમાં પેલેસ્ટાઈન યુએનમાં ''બિન-સભ્ય નિરીક્ષક દેશ છે. આ દરજ્જો પેલેસ્ટાઈનને વિશ્વ સંસ્થાની કાર્યવાહીમાં ભાગ લેવાની મંજૂરી આપે છે પરંતુ તે ઠરાવો પર મતદાન કરી શકતું નથી.

# તંત્રી લેખ...

## મૂલ્ય ચૂકવ્યા વિના આ સંસારમાં કોઈને પણ કશું જ નથી મળતું

સન્માન પ્રાપ્ત કરવાની અભિલાષા પ્રત્યેક મનુષ્યની હોય છે. વિજ્ઞાનીઓ અનુસાર જ્યારે કોઈ વ્યક્તિને સન્માન પ્રાપ્ત થાય છે તો તેને પ્રસન્નતા અને સંતુષ્ટિની અનુભૂતિ થાય છે, જેની સકારાત્મક અસર તેના સ્વાસ્થ્ય પર પડે છે. તેનાથી વિપરીત જ્યારે વ્યક્તિને અપમાનિત કરવામાં આવે છે, ત્યારે તેની ભીતર હીનભાવના ઉત્પન્ન થાય છે. તે ખુદને તુચ્છ સમજવા લાગે છે. એવા વ્યક્તિ પોતાના મનની શાંતિ અને ઉત્સાહને સંપૂર્ણપણે ગુમાવી દે છે. તમારા અનાદરને કારણે જે ભારે આઘાત તેના દિલ પર લાગે છે, તેનાથી તે અસંતોષ, ઘૃણા, શત્રુતા અને પ્રતિશોધની નકારાત્મક ભાવનાઓથી ભરાઈ જાય છે. સંસારને વ્યવસ્થિત રાખવા માટે પ્રકૃતિએ વિનિમયની વ્યવસ્થા બનાવી છે. તે અનુસાર જો તમે કંઈક આપો છો તો જ કંઈક પ્રાપ્ત કરી શકો છો. મૂલ્ય ચૂકવ્યા વિના આ સંસારમાં કોઈને પણ કશું જ નથી મળતું. આ નિયમના હિસાબે સીધો ઉપાય તો એ જ છે કે જે વસ્તુ આપણે પ્રાપ્ત કરવા માગીએ છીએ તેના માટે આપણે એવી યોગ્યતા પણ પ્રાપ્ત કરવી જોઈએ. યોગ્યતા ખુદમાં આપણને ઈચ્છિત સુધી પહોંચાડી દે છે. એવામાં જો કોઈ મનુષ્ય સન્માન અને પ્રશંસાનો આકાંક્ષી હોય તો તેના માટે તેને એ જ અનુરૂપ યોગ્યતા પણ મેળવવી પડશે. કોઈ ધૂર્ત વ્યક્તિ પોતાની ચાલાકીઓથી અસ્થાયી રૂપે સન્માન પ્રાપ્ત કરી લે તો પણ તેને તેનાથી સ્થાયી સંતુષ્ટિ નથી મળવાની. ઉપરથી જ્યારે તેની વાસ્તવિકતા ઉજાગર થશે તો તે ઉપહાસનું પાત્ર બનશે. યાદ રહે કે કાગળની નાવડી બહુ વધુ સમય સુધી તરી શકતી નથી અને અંતે ડૂબી જાય છે. તેથી કપટથી કંઈક પ્રાપ્ત કરવાને બદલે યોગ્યતા અને ગુણવાન બનવા પર પોતાનો સમય અને શક્તિઓ કેન્દ્રિત કરશો તો સ્વાભાવિક રૂપે સ્થાયી સન્માનને પાત્ર બનશો. લોકો ગુણોની પૂજા કરે છે, વ્યક્તિની નહીં. વાસ્તવિકતાને વખાણે છે, કૃત્રિમતાને નહીં. સન્માન અને યશની પ્રાપ્તિની અભિલાષા પ્રત્યેક મનુષ્યમાં હોય છે, પરંતુ તેના માટે જરૂરી પુરુષાર્થ કરવા માટે બહુ ઓછા લોકો તત્પર હોય છે. યાદ રહે કે યોગ્યતાના અભાવે કોઈને સન્માન નથી મળતું. યોગ્યતા, પરિશ્રમ અને અભ્યાસથી મળે છે. તેના માટે આંતરિક સ્તર પર સાહસ પેદા કરવું પડે છે. સાહસ વિના એ શક્તિ નથી આવતી જે વિપરીત સ્થિતિમાં ધૈર્ય સ્થિર રાખી શકે. સાહસથી કષ્ટ-સહિષ્ણુતા પણ આવે છે, જેનાથી લોકો એ કઠિનાઈઓને સહન કરી જાય છે, જે આ રસ્તામાં અડચણ બને છે. જ્યારે આ રીતે મનુષ્યનું હૃદય ઉદાર બની જાય છે.

## આકર્ષક વ્યક્તિત્વ અને ખૂબ જ શકિતશાળી વાળો માણસ એટલે કે એકલવ્ય

અર્જુનનાં જીવનનું એક માત્ર ધ્યેય વિશ્વના સહુથી મહાન બાણાવળી બનવાનું હતું. એ ઘણો કુશળ યોદ્ધા હતો પરંતુ ઘણો અતડો રહેતો. તે ખૂબ શિસ્તબદ્ધ અને એકાગ્રચિત્ત હતો, પરંતુ જીવનમાં હંમેશા અસલામતી અનુભવતો. તેને હમેશા એ ચિંતા રહેતી કે કોઈ બીજો તેના કરતા પણ વધુ સારો બાણાવળી ન બનવો જોઈએ. આમ થતું રોકવા તેણે ઘણી નિર્દયી હરકતો કરી. એક દિવસ એકલવ્ય નામનો છોકરો દ્રોણ પાસે આવ્યો. તે આર્ય ન હતો પરંતુ નિશાદ હતો, જે ભારતની ઘણી આદિજાતિઓમાની એક છે. શાસ્ત્રોમાં તેનું વર્ણન કઈક આવું છે - તે ચાલે ત્યારે દીપડો ચાલતો હોય તેવું લાગે, તે શ્યામ વર્ણનો હતો, રૌદ્ર સ્વરૃપ, ખૂબ જ શકિતશાળી અને આકર્ષક વ્યક્તિત્વ વાળો માણસ. તેણે બાણ ચલાવતા શીખવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી. દ્રોણે કયું, ‘‘તું ક્ષત્રિય નથી માટે હું તને તે શીખવી નહીં શકું.’’ એકલવ્ય દ્રોણને પગે પડ્યો અને કહ્યું, ‘‘હું સમાજના નિયમો સમજુ છું. તમે મને માત્ર આશિષ આપો. હું આપના આશીર્વાદથી જ શીખી લઈશ.’’ દ્રોણે તેની નમ્રતા અને પ્રતિબદ્ધતા જોઈ, પોતાનો હાથ તેના માથે મૂક્યો અને કહ્યું, ‘‘તને મારા આશીર્વાદ છે.’’ એકલવ્ય જંગલમાં જતો રહ્યો. નદીમાંથી માટી ભેગી કરીને, તેણે દ્રોણની એવી મૂર્તિ ઘડી કાઢી, જાણે તેમની હાજરી જ હોય. જો તમારે એક સારા ગાયક બનવું હોય, તો માત્ર સારો અવાજ પૂરતો નથી. તમારી શ્રવણ શક્તિ પણ સારી હોવી જોઈએ. તમારી સારી શ્રવણ શક્તિ તમને સારા સંગીતકાર બનાવી શકે છે. તે જ પ્રમાણે, જો તમે સારા તીરંદાજ બનવા માંગતા હો, તો તે માત્ર હાથ પૂરતું સીમિત નથી, તમારી દ્દષ્ટિ પણ તીક્ષ્ણ હોવી જોઈએ - તમે કેટલું ઝીણવટ પૂર્વક જોઈ શકો છો, અને લક્ષ્ય પર તમારું ધ્યાન કેટલો સમય સુધી ટકાવી રાખી શકો તે મહત્વનું છે. અર્જુન પોતાના આ ગુણો દર્શાવી ચૂક્યો હતો. શિક્ષણ ચાલી રહ્યું હતું તે સમય દરમ્યાન એક વખત, દ્રોણને પાંડવો અને કૌરવોનું તીરંદાજીનું કૌશલ ચકાસવાનું મન થયું, તેથી તેમણે ઝાડ ઉપર લાકડાનું એક પક્ષી લટકાવ્યું અને તેમને કહ્યું કે તેઓ તે પક્ષીની આંખને વીંધે. એક પછી એક કૌરવો, અને પછી પાંડવો એ નિશાન તાક્યું. દ્રોણ તેમને પૂછતા રહ્યા,’’તમે શું જુઓ છો?’’ સહુએ જુદા જુદા જવાબો આપ્યા. ઝાડનું પાંદડું, ઝાડ, કેરી, પક્ષી, આકાશ.’’ દ્રોણે તે સહુને પાછા વાળ્યા. આખરે અર્જુનનો વારો આવ્યો. દ્રોણે જ્યારે અર્જુનને પૂછ્યું, ‘‘તું શું જુએ છે?’’ અર્જુને જવાબ આપ્યો, ‘‘હું પેલા પક્ષીની આંખ જોઉં છું.’’ દ્રોણ બોલ્યા, ‘‘એક માત્ર તું જ હવે પછીની તાલીમ માટે તૈયાર છે,’’ અને તેમણે તેને ધનુર્વિદ્યાની બારિકી શીખવી, જેમાં બંધ આંખે નિશાન તાકવાનું, અંધારામાં તીર ચલાવવું - જોયા વગર લક્ષ્ય ભેદવાનું શામેલ હતું. તેમણે અર્જુનને રોજ ઘેરી અંધારી કોટડીમાં ભોજન લેવડાવ્યું. એમ કહ્યું, ‘‘જો તું ગાઢ અંધકારમાં ભોજનને જોયાં વગર લઈ શકતો હોય, તો જોયા વગર દુશ્મનની છાતી શા માટે ન ભેદી શકે?’’ અર્જુને આ બધી ખાસ તાલીમ સંતોષકારક રીતે પસાર કરી અને માનવા લાગ્યો કે તે દુનિયાનો સૌથી મહાન બાણાવળી છે. પણ પછી એકલવ્ય આવ્યો, દ્રોણના આશીર્વાદ લીધા, અને જંગલમાં ચાલ્યો ગયો. એકલવ્ય જ્યારે દ્રોણ પાસે આવ્યો ત્યારે તેણે દ્રોણની નાનામાં નાની વિગતને ધ્યાનમાં રાખી લીધી હતી. આ કુશળ તીરંદાજનો ગુણ છે - તેની નજરમાંથી કશું છૂટે નહીં. કોઈક વસ્તુને જોતી વખતે જો તેની વિગતો ચૂકી જાય તો સ્વાભાવિક રીતે નિશાન તાકતી વખતે પણ ચૂકી શકે. તે દ્રોણની છાપ લઈને ગયો હતો તેથી તેણે માટીમાંથી દ્રોણની આબેહૂબ પ્રતિમા બનાવી, તેમને પ્રણામ કર્યા, અને પોતાની બાણવિદ્યાની તાલીમ શરૂ કરી. એક દિવસ કૌરવો અને પાંડવો શિકાર કરવા જંગલમાં ગયા. તેમનો શિકારી કૂતરો તેમનાથી આગળ આગળ ગયો. અમુક જગ્યાએ પહોંચીને કૂતરો ભસવા લાગ્યો. તેમને લાગ્યું કે તેને શિકાર દેખાઈ ગયો અને તે તેની પાછળ જઈ રહ્યો છે. પછી કૂતરો શાંત થઈ ગયો.

**આ જ દિવસે શ્રીજીબાવાનું મુખારવિંદ પ્રાક્ટય જતીપુરામાં વ્રજમાં ગિરિરાજ એટલે કે ગોવર્ધન પર્વત ઉપર વ્રજમાં થયું હતું**

# શ્રીકૃષ્ણ શરણં મમ શ્લોકને વિશ્વમાં ગુંજતો કરનારા મહાપ્રભુજી વલ્લભાચાર્યજીને શતકોટી-કોટી પ્રણામ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પુષ્ટિ ધર્મનાં ઈષ્ટદેવ શ્રીનાથજી છે, અને એમની માટે શ્રીનાથજી જ સર્વેસર્વા છે! તેમની કૃપા વગર જીવન અસાધ્ય અને અપૂર્ણ રહે છે, જ્યારે મનુષ્યનાં હ્દયમાં પુષ્ટિ ભાવ સિદ્ધ થઇ જાય છે, ત્યારે તે પરમ ભગવદીય વૈષ્ણવ બની જાય છે.**

આજે ચૈત્રી વદ એકાદશી એટલે કે વરુથી એકાદશી અને આ દિવસે વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો જન્મ થયો હોવાથી, તમામ પુષ્ટિ પંથના વૈશ્નવો માટે એક બહુ મોટાં ઉત્સવનો દિવસ છે, એ વિશે આપણે ગઈકાલે પ્રાથમિક વાત કરી હતી. પરંતુ વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ સ્થાપેલ આ પુષ્ટિ માર્ગ એ ક્યારે? અને શું કામ આટલો પ્રસારિત થયો? એમના જન્મની શું કથા છે! અને અન્ય સંપ્રદાય થી એ કંઈ રીતે જુદો પડે છે? એ વિશે આજે આપણે વાત કરીશું. સૌ પ્રથમ તો શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં જન્મ વિશે જોઈએ. વિશ્વને વૈષ્ણવતાનો દિવ્ય સંદેશ આપનાર શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યનુ પ્રાક્ટય સં. ૧૫૩૫ ચૈત્ર વદી એકાદશીએ ગુરુવારે હાલના છત્તીસગઢ ચંપારણ્યમાં થયું હતું. આ જ દિવસે શ્રીજીબાવાનું મુખારવિંદ પ્રાક્ટય જતીપુરામાં વ્રજમાં ગિરિરાજ એટલે કે ગોવર્ધન પર્વત ઉપર વ્રજમાં થયું હતું. પ્રભુની કૃપા મેળવવાનો સરળ માર્ગ શ્રી વલ્લભે જગતને આપ્યો છે. આજે દેશભરમાં કરોડો વૈષ્ણવો પુષ્ટિ માર્ગમાં છે, અને શ્રી કૃષ્ણ શરણં મમ એ મંત્ર ચારેબાજુ ગુંજે છે. પાંચ વર્ષની નાની વયે જ ચાર વેદ, ઉપનિષદ અને છ દર્શનનો અભ્યાસ કર્યો હતો. એમના જન્મ સાથે એક વાત જોડાયેલી છે. તેમનો જન્મ એક વિદ્વાન ભારદ્વાજ ગોત્રી તેલંગ બ્રાહ્મણ લક્ષ્મણ ભટ્ટ શ્રી ઈલ્લમ્માગારુજીને ત્યાં ચંપારણ્યમાં વિક્રમ સંવત ૧૫૩૫ માં ચૈત્ર વદ એકાદશીને દિવસે થયો હતો. અધૂરા માસે જન્મ થતાં બાળક મૃતવત્ જણાતાં માતા અને પિતા આઘાત સાથે બાળકને ખીજડાના વૃક્ષની બખોલમાં મૂકીને હિંસક પશુઓથી બચાવવા વૃક્ષની ફરતે અગ્નિ પ્રગટાવી જતાં રહ્યાં હતા. તેમણે બનારસમાં રહીને વેદ, વેદાંત, દર્શન, સૂત્રો, ધર્મશાસ્ત્ર, પુરાણો અને ઈતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે સમગ્ર ભારતમાં પર્યટન કરીને પોતાના ધાર્મિક વિચારોનો પ્રચાર કર્યો. રામેશ્વરથી હરિદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીના તીર્થોમાં તેમણે ત્રણવાર પદ યાત્રા કરીને તેમણે પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો. યાત્રા દરમિયાન તેમણે શ્રીમદ્ ભાગવતની કથા અને પારાયણ કર્યા. આજે એ સ્થળો ‘બેઠક’ તરીકે ઓળખાય છે. પણ આપણને પ્રશ્ન થાય કે પુષ્ટિ માર્ગ કે સંપ્રદાય ની સ્થાપના શું કામ થઈ? તો ઈ. સ. પૂ. એક હજાર વર્ષ ઉપર જ્યારે વૈદિક યજ્ઞોની હિંસા સામે પ્રશ્નો ઊભો થયાં, ત્યારે વિષ્ણુનારાયણ તેમજ એમના વિવિધ અવતારોની અર્ચના-ઉપાસના-ષોડશોપ ચારપૂજાનો વૈષ્ણવમાર્ગ વિકસ્યો. પછી એની પરંપરામાં શ્રી રામાનુજાચાર્યનો ‘શ્રીસંપ્રદાય’ એટલે કે વેદાંત-સિદ્ધાંત કે જે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પર આધારિત સંપ્રદાય પણ શરૂ થયો. શ્રી વિષ્ણુસ્વામીનો ‘ભક્તિસંપ્રદાય કે જે વેદાંત-સિદ્ધાંતથી પણ આગળ વધી માત્ર સિદ્ધી નહીં પણ ‘શુદ્ધાદ્વૈત એટલે કે ભક્તની શુદ્ધિ ને મહત્વ આપતો સંપ્રદાય શરૂ થયો. શ્રી નિંબાર્કાચાર્યનો ‘ભક્તિસંપ્રદાય તો વેદાંત-સિદ્ધાંતથી આગળ વધી દ્વૈતાદ્વૈત એટલે કે જે દ્વૈત છે એ જ અદ્વૈત છે, સાકાર થી નિરાકાર તરફની ગતિ કરાવતો સંપ્રદાય. શ્રી મધ્વાચાર્યનો ભક્તિસંપ્રદાય’ વેદાંત સિદ્ધાંત કે જે માત્ર સાકાર અને સગુણ બ્રહ્મની ઉપાસના પર એટલે કે હું અને તું એમ દ્વૈત’ અને એ સમયમાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પુષ્ટિસંપ્રદાયનો અગિયારમી સદીથી પંદરમી સદી સુધીમાં વિકાસ થયો. બીજા ભક્તિસંપ્રદાયો ‘સાધનમાર્ગ’ કિંવા ‘મર્યાદામાર્ગ’ છે, પણ આ બધાં સંપ્રદાય અર્ચા અને ઉપાસના-પૂજાના માર્ગ છે, જ્યારે શ્રી વલ્લભાચાર્યજીનો માર્ગ, ‘નિઃસાધન માર્ગ’ છે, એમાં એવી કોઈ આકરી તપશ્ચર્યા કે નિયમો નથી, જે સંસારી નિભાવી ન શકે. જોકે તે પણ નવધા ભક્તિને અનુસરતી સાધના પ્રણાલીનું જ આહવાન કરે છે. પરંતુ અંતમાં ભક્ત પુષ્ટ થતો થતો થતો એટલે પૂર્ણ પુષ્ટ કે પોષણ મેળવી એવમ કૃપા પ્રાપ્ત કરતો કરતો ભગવાન સાથે એકાકાર થઈ જાય છે, એટલે ભગવત્ તત્વને પામી જાય છે. મહાપ્રભુ વલ્લભાચાર્યજી પર લખવું હતું તો જરા જોતી હતી, અને દ્વારકેશલાલજી નું પ્રવચન સાંભળ્યું. એમણે કહ્યું કે પરમાત્મા લૌકિક દુઃખ આપીને આપણો સંસાર પ્રત્યે અનાસક્તિ ભાવ જગાડે છે. ચિંતનનો જીવ અહીં પણ ચિંતન કર્યું, કે આનો અર્થ એમ થાય કે દુઃખથી ગભરાવું નહીં, બસ પરમાત્મા તરફથી આપણાં વૈરાગ્યની ભૂમિકા તૈયાર થાય છે, અને આપણે એની પર ચાલી એની સમિપે પહોંચવાનું છે. બીજું એમણે કહ્યું કે નિત્ય થતી પાઠ પૂજા એ ખેતર કે બાગ ફરતે કરાતી વાડ જેમ કાળથી આપણું રક્ષણ કરે છે, અને આપણને કળિયુગ એટલો સ્પર્શતો નથી! એમણે તો એ પુષ્ટિ માર્ગ માટે કહ્યું પણ ટૂંકમાં ઈશ્વર એક જ છે એટલે કોઈ પણ માટે થતાં પાઠ પૂજા આપણું કાળથી રક્ષણ કરશે, અને કળિયુગથી દૂર રાખશે તો જેટલું થાય એટલું હરિનામ સ્મરણ કે ભજન કરીએ. આમ તો અમારા ઘરે હિન્દુ શાંકર મત મુજબ પંચદેવની પૂજા છે, પણ શાલિગ્રામ ની જગ્યાએ બાલ કૃષ્ણનું લાલજી સ્વરૂપ છે અને એને ઉઠાડવાથી શરું કરી સ્નાન શણગાર ભોજન કઢિયેલ દૂધ પીવડાવી પોઢાડવા સુધીની દૈનિક ભક્તિ થાય છે, એટલે તત્વતઃ શ્રીકૃષ્ણ એ પ્રેમાવતાર છે અને એથી જીવ પુષ્ટ થાય છે એ સત્ય સમજાય છે. ભારતીય સંસ્કૃતિ ઋષિ પરંપરા ધરાવે છે, અને એને અનુસરે છે, એટલે અહીં ધર્મ અને આધ્યાત્મ એ બંને એટલી હદે જોડાયેલ છે કે, એને કારણે ઈશ્વર પ્રાપ્તિ કે મોક્ષ પ્રાપ્તિ માટે સંન્યાસ એ જ સર્વોત્તમ માર્ગ છે, એવી એક માન્યતા એ સમયના સમાજમાં પ્રચલિત હતી. આ ઉપરાંત ત્યારે એ સમયના સમાજમાં મુસલમાનોનાં નવાબનું સામ્રાજ્ય હતું, અને હિન્દુ ઓની સ્ત્રીઓનું એની બેરહમીથી ડરીને લોકોએ ઘરની બહાર નીકળવાનું બંધ કરી હતું! ત્યાં ધર્મ માટે મંદિર કે અન્ય યજ્ઞ યાગ થઈ શકતાં નહોતાં! અને ત્યારે વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ પુષ્ટિ માર્ગને પ્રચલિત કર્યો જેમાં ઘરમાં જ ઠાકોરજીની પૂજા અર્ચના કરી પુષ્ટિ એટલે કે ભગવાન પ્રત્યેના ભાવનું પોષણ મેળવવાનું હતું! એટલે કે સંન્યાસનાં અદ્વૈત સિધ્ધાંતની બદલે તું અને હું એમ દ્વૈતનું અનુસંધાન કરવાનું હતું! પોતે જે કક્ષાએ છે ત્યાંથી જ તેને ઈશ્વર તત્વને પોકારવામાં પણ સરળતા રહેતી. ઉપરથી પોતાની જેવી જ જૈવિક ક્રિયાઓ કરતાં કરતાં એને ભજી એને મેળવવા ના હોય! એટલે અન્ય સંપ્રદાયમાં ઈશ્વર તત્વ વિશેની સમજ સહજ બને, જ્યારે પુષ્ટિ માર્ગમાં ભક્તિ કરનારો જીવ કે બ્રહ્મ સંબંધી જીવ ઘણો પુષ્ટ થાય છે, અથવા તો ઈશ્વરને પણ પોતાના વિશે વિચારતા કરી કૃપા પ્રાપ્ત કરીને એ ભગવાનને મેળવી લે છે, એનું સાનિધ્ય મહેસુસ કરે છે. ટૂંકમાં નિરાકારને નિર્ગુણ બ્રહ્મની વ્યાપકતા તો દરેક સમજી ન શકે, અને બની શકે એમાં બ્રહ્મ નિર્ગુણ હોવાથી નિરસતા પણ આવે! પણ આ રીતે દ્વૈતનું અનુસંધાન કરીએ, તો ભક્તિ રસને કારણે સાકાર અને સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર જીવ ઝડપથી કરી શકે છે, એટલે કે ભગવાન હોવાની વાતની એને પ્રતિતિ થાય છે, અને એ ભાવથી પુષ્ટ બને છે. પુષ્ટિ માર્ગનાં સાધકો કે ભક્તો મૂળ જય શ્રીકૃષ્ણ અને શ્રી કૃષ્ણ શરણં મમ, કે ૐ નમો ભગવતે વાસુદેવાય! એટલે કે કૃષ્ણ કનૈયાની ભક્તિ કરનારા છે. પુષ્ટિ એટલે પ્રેમથી,સ્નેહથી,એકાગ્ર મનથી સતત ચિંતન કરતાં મનન કરતાં કરતાં ઈશ્વરને ભજવું, તેમની સેવા કરવી, આ પુષ્ટિ માર્ગનો ધર્મ અથવા પ્રેમ ભક્તિ કહેવાય છે.શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ ઘરે રહીને શ્રી ગોકુલ નિવાસી શ્રીનાથજીની નિરંતર તન,મન,ધન અને હ્દયની ભાવભરી લાગણીથી સેવા કરીને પ્રભુ ને રિઝવવાં. આવી પ્રેમ ભક્તિ દ્વારા જ ઈશ્વરની કૃપા આપણાપર ઉતરે છે, અને સંસારના દરેક બંધનોથી આપણને છોડાવે છે. પુષ્ટિ ધર્મનાં ઈષ્ટદેવ શ્રીનાથજી છે, અને એમની માટે શ્રીનાથજી જ સર્વેસર્વા છે! તેમની કૃપા વગર જીવન અસાધ્ય અને અપૂર્ણ રહે છે. જ્યારે મનુષ્યનાં હ્દયમાં પુષ્ટિ ભાવ સિદ્ધ થઇ જાય છે, ત્યારે તે પરમ ભગવદીય વૈષ્ણવ બની જાય છે. જીવનમાં બીજાને સુખ આપવાનું ધ્યેયને જ પોતાનું સુખ માને છે. પરમાર્થમયી જીવન હોય છે. પુષ્ટિ ધર્મમાં પોતાનું સર્વ અર્પણ કરી દેવાની ભાવના મુખ્ય છે, અને તે જ સાચો પુષ્ટિ માર્ગી કહેવાય છે. તો આ છે દ્વૈતનું મહાત્મ્ય ગાતાં પુષ્ટિ સંપ્રદાયની કથા, તો બોલો શ્રીકૃષ્ણ શરણં મમ શ્લોકને વિશ્વમાં ગુંજતો કરનારા વલ્લભાધિષની જય!

**આપણાં ધર્મશાસ્ત્રોમાં એવા વિભિન્ન સિદ્ધાંતો મળી આવે છે, જેના આધારે લોકો વિવિધ સંપ્રદાયોમાં વહેંચાઈ ગયા છે**

# સહનશીલતા અને સમર્પણ સમાજમાં તમારી ઉપયોગીતા અને મૂલ્ય બંનેમાં વધારો કરે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આપણને જે શક્તિ અને સાધન અત્યાર સુધી મળી ગયાં છે અને હવે પછી મળનારાં છે,તેઓનો સર્વોપરી ઉપયોગ લોકહિત, બીજાઓની સાથે ભલાઈ કરવી જ સમજવી.**

સંસારમાં અનેક મહાપુરુષો થઈ ગયા અને તેઓએ પોતાના યુગના દેશ,કાળને અનુસાર ઉપદેશ માનવીઓને આપ્યો હતો. એમાંની મોટા ભાગની વાતો એકબીજાની વિરુદ્ધ જોવા મળી છે. આપણાં ધર્મશાસ્ત્રોમાં એવા વિભિન્ન સિદ્ધાંતો મળી. આવે છે, જેના આધારે લોકો વિવિધ સંપ્રદાયોમાં વહેંચાઈ ગયા છે અને એકબીજાના સત્ ઉપર આક્ષેપ કરે છે. આવી અવસ્થામાં સદબુદ્ધિ વડે આપણે એ વાતનો નિર્ણય કરી શકીએ છીએ કે વર્તમાન પરિસ્થિતિમાં કોઈ માર્ગનો કેટલો અંશ ઉપયોગી છે. તેનો આ આશય નથી કે આપણે કોઈ સંપ્રદાય અથવા તેના સંચાલકની નિંદા કરીએ,પણ આપણે બધામાંથી તે વાતો ગ્રહણ કરવી જોઈએ જે વિવેક, બુદ્ધિ અને તર્ક વડે વર્તમાન પરિસ્થિતિને અનુકૂળ સિદ્ધ હોય અને જેનાથી આપણું જ નહીં પણ બધાનું હિત સાધી શકાય. એ વાત સાચી છેકે જ્ઞાન,બળ, વૈભવ વગેરે શક્તિ માનવીમાં સરખા પ્રમાણમાં હોતી નથી અને તે પરમાત્માની કૃપાથી જ મળે છે. જે વ્યક્તિ તેનો પ્રયોગ ફક્ત પોતાના માટે ના કરતાં લોકહિત માટે કરે છે, તેઓ તેના સાચા અધિકારી હોય છે અને તેઓમાં આગળ વધતાં આ શક્તિનો વિશેષ રૂપથી વિકાસ થાય છે. જેણે આ શક્તિ જ્યાં જ્યાં વાપરી છે, ત્યાં ત્યાં તે વધતી જાય છે. એવી જ વાત બીજા સદગુણો માટે પણ સાચી છે.વિદ્વાન,ધન વાન અથવા બળવાનની સાર્થક્તા અને ગૌરવ તેમાં છેકે તે પોતાના થી ઓછા જ્ઞાનવાળા,નિર્ધન અને નિર્બળને ઊંચા લાવવામાં મદદ કરે. એમ કરવાથી ફક્ત આપણને સુખ મળતું નથી, પણ જગતમાં સુખનું સામ્રાજ્ય સ્થાપિત થઈ શકે છે.ખેદની વાત તો એ છે કે વર્તમાન સમયમાં મોટાભાગના લોકોની બુદ્ધિ આવી જોવા મળતી નથી. તેઓ બીજા લોકોને આગળ વધારવા, ઊંચા લાવવાને બદલે તેઓને નીચે પાડવામાં, તેઓની ઉન્નતિના માર્ગમાં અવરોધ ઊભા કરવામાં જ પોતાનો લાભ સમજે છે.તેઓ વિચારે છેકે એમ કરવાથી તે લોકોને મળનારો લાભ આપણ ને મળતો થશે અને આપણે સૌથી મોટા બની જઈશું.આવી દાનતનું પરિણામ સામાન્ય રીતે ઊલટું જોવા મળે છે. પોતાની સંકીર્ણતા અથવા લોભની પ્રવૃત્તિને લીધે તેઓ સામાન્યજનોમાં બદનામ થઈ જાય છે અને તેના ફળસ્વરૂપ તેઓની સ્થિતિ ઊંચી થવાને બદલે નીચે પડવા લાગે છે. આપણે આંખ ખોલી જોઈશું તો આવાં ઉદાહરણો સમાજમાં લાખોની સંખ્યામાં મળી શકશે. જે વ્યક્તિ આ માનવજન્મને વાસ્તવમાં સાર્થક કરવા ઈચ્છતો હોય, તેનું કર્તવ્ય છે કે પરમાત્માને હંમેશાં એ પ્રાર્થના કરે કે તે તેની બુદ્ધિને એવી પ્રેરણા આપે, જેના થી તે સત્પંથ ઉપર સ્થિર રહી શકે. આપણા દેશના ભક્તોએ ભગવાનને એ પ્રાર્થના કરી છે કે તેઓને એવી ભક્તિ મળે, જેનાથી તેઓનું ધ્યાન કોઈ સાંસારિક વિષયની તરફ જાય નહીં, તેનો આ આશય છે. માનવીનું વાસ્તવિક લક્ષણએ છે કે તે શ્રેષ્ઠ ગુણો મેળવે અને પછી તેનો ઉપયોગ લોકહિત માટે કરે. આપણા મોટા મોટા મહાપુરુષો બતાવી ગયા છે કે દીન, દુઃખી અને કોઈ પણ પ્રકારના અભાવગ્રસ્ત વ્યક્તિની સેવા,મદદ કરવી,ભગવાનની સાચી ભક્તિ છે.પરમાત્મા આ પ્રકારનાં કાર્યોથી પ્રસન્ન થઈ શકે છે. આપણને જે શક્તિ અને સાધન અત્યાર સુધી મળી ગયાં છે અને હવે પછી મળનારાં છે,તેઓનો સર્વોપરી ઉપયોગ લોકહિત, બીજાઓની સાથે ભલાઈ કરવી જ સમજવી. પોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવું એ માનવનો સહજ સ્વભાવ છે, તેને માટે કોઈ પ્રકારના શિક્ષણ અથવા ચિંતનની જરૂર હોતી નથી. જો આપણે પરમાત્માની દયાથી સારી શક્તિ અને સાધન મેળવીએ અને તે બધાનો ઉપયોગ ફક્ત પોતાનું પેટ ભરવામાં કરીએ,તો આપણે વાસ્તવિક મનુષ્ય કહેવડાવવાના અધિકારી નથી. એટલે સંપૂર્ણ ગાયત્રી મંત્રનો આશય એ છે કે આપણે પરમાત્માને એવી શુદ્ધ બુદ્ધિ આપવા પ્રાર્થના કરીએ, જેનાથી આપણું અને બીજાનું કલ્યાણ કરવાનો ભાવ હંમેશાં બનતો રહે અને સ્વાર્થની સાથે પરમાર્થને પ્રાધાન્ય આપી. આપણે આ માનવજન્મને સફળ બનાવીએ. એમ કહેવું તો વધારે પડતું લાગે કે ગાયત્રી-સાધના કર્યા પછી સાંસારિક મુશ્કેલીઓ અને ચિંતાઓ આવતી નથી. મોટા મોટા યોગી, તપસ્વી, મહાનુભાવો ઉપર આપત્તિ આવી છે,પણ ગાયત્રી ઉપાસક અથવા સાધકની બુદ્ધિ અને હૃદય એવાં બનવા લાગે છે કે આપત્તિ આવવા છતાં તેઓ શાંત રહે છે. સાચું પૂછવામાં આવે તો સાધક અને અસાધક, ભક્ત અને અભક્તમાં આ મુખ્ય અંતર છે. ‘યોગદર્શન’માં જે ‘‘વૃત્તિ સારૂપ્ય મિતરત્ર’’ સૂત્ર આપવામાં આવ્યું છે તેનો અર્થ એ છે કે સાંસારિક વ્યવહારમાં યોગીની વૃત્તિ હંમેશાં હર્ષ-શોક રહિત, આનંદથી પ્રકાશિત થઈ ઉત્સાહ અને ઉલ્લાસયુક્ત રહે છે. તેનાથી ઊલટું સાંસારિક માનવીની વૃત્તિ હંમેશાં હર્ષ-શોકરૂપી સાગરમાં ડૂબતી અને ઉછળતી રહે છે. જો કોઈ આકરા શબ્દો બોલે તો તે સહન કરે છે અને જો કોઈ તેને યોગ્ય માન ન આપે તો તે સહન કરે છે. ક્યારેક તમારી ઈચ્છા મુજબ કંઈ ન થયું તો તમે સહન કરી લીધું અને ક્યારેક તમારી ટીકા થઈ તો તમે ચૂપ રહ્યા, આને કહેવાય સહનશીલતા. સહનશીલતા અને સમર્પણ સમાજમાં તમારી ઉપયોગીતા અને મૂલ્ય બંનેમાં વધારો કરે છે. જેમ ઝવેરી કોઈ કિંમતી દાગીના બનાવતા પહેલા સોનાને ગરમ કરે છે, પરંતુ સોનું ક્યારેય પ્રતિકાર કરતું નથી, આને કહેવાય છે તમારી સહનશીલતા અને સમપ ર્ણ એ તમારા જીવનને એક આદર્શમાં સ્થાપિત કરે છે.

સમાજમાં નવું સ્વરૂપ. વાચક ચાહક મિત્રો, બસ હવે ચૈત્ર માસ પૂરો થવા આવ્યો છે. થોડા જ દિવસોમાં વૈશાખી વાયરા વાય અને ગરમી વધશે સાથોસાથ વરસાદ વહેલો આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. દુબઈમાં વરસાદ કુદરતી કહેર જેવો સાબીત થઈ રહ્યો છે. ઘણીવાર કુદરત સાથે માનવી હોશિયારી બતાવવા જાય છે ત્યારે કુદરત જોરદાર થપ્પડ મારે એ આજે દુબઈ સહીત યુએઈના દેશો ભોગવી રહ્યા છે.આ અસર બીજા નિર્દોષ દેશો પર થાય તો નવાઈ નહી.. કુદરત સાથે કોઈ ચાલબાજી રમવી ન જોઈએ.અસ્તુ.



# રાજકારણમાં નહીં પણ બોલિવૂડમાં ધૂમ મચાવશે

રાજનીતિમાં ઠાકરે પરિવારનો દબદબો વર્ષોથી છે, બાળ ઠાકરેથી શરૂ થયેલી રાજનીતિ ત્રણ પેઢીઓમાં જોવા મળી હતી. રાજનીતિમાં ઠાકરે પરિવારના દરેક સભ્યની એક અલગ ઓળખ છે. માતો શ્રીમાં જન્મલેનાર દરેક બાળકની ઓળખ રાજનીતિ સાથે જોડાયેલી છે, પરંતુ આજે અમે તમને એ વ્યક્તિ વિશે જણાવીશું જે આ પરિવારના જન્મ લીધા બાદ પણ રાજકારણથી દુર અલગ જ ફીલ્ડમાં પોતાનું કરિયર બનાવી રહ્યા છે.સંબંધોમાં આ વ્યક્તિ બાળ ઠાકરેનો પૌત્ર છે આ બીજું કોઈ નહિ પરંતુ સ્મિતા ઠાકરે અને જયદીપ ઠાકરેનો દિકરો એશ્વર્ય ઠાકરે છે. એશ્વર્ય સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ છે અને તેમ છતાં સોશિયલ મીડિયા પર તેના ઓછા ફોલોઅર્સ છે. તે પોતાના અકાઉન્ટ પર કોઈ પોલિટિકલ કેમ્પન ચલાવતું નથી. તે પોતાનો એકથી એક શાનદાર ફોટોશુટ જોઈ શકો છો. આ સિવાય તેના ડાન્સનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર જોવા મળશે. સુપરફિટ દેખાનારા એશ્વર્ય ઠાકરે રાજનીતિથી દુર બોલિવુડમાં પોતાનો પગ રાખવા માંગે છે. તે શાનદાર ડાન્સર છે અને તેની ડાન્સ સ્કિલ્સ કોઈ બોલિવુડ સ્ટારથી ઓછી નથી.

### રસૂલન બાઈની વાર્તા જેણે ગાયું તે રસપ્રદ છે

# ‘હીરામંડી’નું આ ગીત ૧૦૦ વર્ષ પહેલાં ગવાયેલું છે

## ડાયરેક્ટર સંજય લીલા ભણસાલીની ડેબ્યૂ વેબ સિરીઝ ‘હીરામંડી’ નેટફ્લિક્સ પર આવી ગઈ છે

ડાયરેક્ટર સંજય લીલા ભણસાલીની ડેબ્યૂ વેબ સિરીઝ ‘હીરામંડી’ નેટફ્લિક્સ પર આવી ગઈ છે. ૧૯૪૦ના દાયકામાં સેટ થયેલા આ પીરિયડ ડ્રામાનાં ફર્સ્ટ લૂકથી ભણસાલીની સહી વિગતો, ભવ્ય સેટ, અભિનેત્રીઓના સુંદર પોશાક અને ચમકદાર જ્વેલરી દર્શકોને આકર્ષી રહી હતી. પરંતુ ભણસાલી જે જાદુઈ વિશ્વ બનાવે છે તે માત્ર દ્રશ્ય ચમકદાર અને સુંદરતા વિશે નથી. તેમાં અવાજ પણ મોટી ભૂમિકા ભજવે છે, ખાસ કરીને ગીતો.જ્યારે લોકો ફિલ્મ નિર્માતા ભણસાલી વિશે ઘણી વાતો કરે છે, ત્યારે સંગીત નિર્દેશક ભણસાલી પણ ઓછા રસપ્રદ નથી. ભણસાલીએ ૨૦10માં તેમની ફિલ્મ ‘ગુઝારીશ’થી મ્યુઝિક ડાયરેક્ટર તરીકે ડેબ્યૂ કર્યું હતું, પરંતુ તે પહેલાં તમે તેમની ફિલ્મોના ગીતો અને સંગીતમાં ભણસાલીની સંગીતની સૂઝ પણ જોઈ શકો છો. ‘ગુઝારીશ’ થી ભણસાલીએ દિગ્દર્શિત દરેક ફિલ્મનું સંગીત આપ્યું છે. ‘રામ લીલા’, ‘બાજીરાવ મસ્તાની’, ‘પદ્માવત’ અને ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ના ગીતો કેટલા લોકપ્રિય અને યાદગાર છે તે કહેવાની જરૂર નથી. સંગીતકાર ભણસાલીનો જાદુ ‘હીરામંડી’માં પણ



જોવા મળે છે. જો તમે હજુ સુધી આ શો ના જોયો હોય તો પણ તમને ‘હીરામંડી’નું આલ્બમ અલગ-અલગ ઓડિયો પ્લેટફોર્મ પર મળશે. ખરેખર, આમાંના તમામ ગીતો પોતપોતાની જગ્યાએ ખૂબ જ સુંદર બન્યા છે. પરંતુ ‘હીરામંડી’માં એક ખૂબ જ ખાસ ગીત છે જે હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતનો વારસો છે. અને જે ગાયકનો અવાજ તેના સૌથી જૂના રેકોર્ડમાં છે, તેની પોતાની વાર્તા ‘હીરામંડી’ની થીમની ખૂબ નજીક છે.

ભણસાલીની વેબ સિરીઝમાં એક ગીત છે - ‘ફૂલ ગેંડવા ના મારો’. ભણસાલીના સંગીત સાથે બર્નાલી ઠાકુરે આ ગીત સુંદર રીતે ગાયું છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર ચર્ચા હતી કે આ ગીત ૧૯૬૪માં અશોક કુમાર અને રાજ કુમારની ફિલ્મ ‘દૂજ કા ચાંદ’ના એક ગીતની રિમેક છે, જેને આરડી બર્મને કમ્પોઝ કર્યું હતું. આ ગીતનું શીર્ષક પણ ‘ફૂલ ગેંડવા ના મારો’ હતું. પરંતુ એવું નથી કે ભણસાલીએ તેને રિમેક કર્યું છે.૧૯૫૬માં રિલીઝ થયેલી દેવ આનંદની ફિલ્મ ‘ફન્ટૂશ’માં પણ તમને આ જ ટાઇટલનું એક ગીત જોવા મળશે. પરંતુ આનો અર્થ એ પણ નથી કે આરડી બર્મને ‘ફન્ટૂશ’ ગીતનું રિમેક કર્યું હતું. વાસ્તવમાં, ‘ફૂલ ગેંડવા ના મારો’ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની પરંપરાગત રચના છે. આ રાગ ભૈરવીમાં ગવાયેલું પ્રતિકાત્મક ઠુમરી છે. અને આ ઠુમરીની સૌથી જૂની ઉપલબ્ધ રેકોર્ડિંગ વર્ષ ૧૯૩૫ની છે, જે રસૂલ બાઈએ ગાયી છે. ‘હીરામંડી’નું આ ગીત રિચા ચઢ્ઢા પર ફિલ્માવવામાં આવ્યું છે.આ રેકોર્ડિંગ પહેલા પણ રસૂલન બાઈએ આ ઠુમરી ઘણી વખત ગાયી છે. એટલે કે આ રચના સરળતાથી લગભગ ૧૦૦ વર્ષ જૂની છે. રસૂલન બાઈની આ ઠુમરી, હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં રસ ધરાવનારાઓ માટે, ઠુમરી ગાયકીમાં એક એવો સીમાચિહ્નરૂપ છે જેને અન્ય કોઈ ગાયક ક્યારેય સ્પર્શી શકે તેમ નથી.

# જોન અબ્રાહમે ચાહકને જન્મદિવસ પર હજારો રુપિયાની ગિફ્ટ આપી

## જોન અબ્રાહમે બોલિવુડમાં પોતાની એક્ટિંગ, ફિટનેસની સાથે સાથે ચાહકોનું પણ દિલ જીતી લીધું છે



જોન અબ્રાહમને કોઈ ઓળખની હવે જરુર નથી. તે બોલિવુડનો મોસ્ટ પોપ્યુલર અભિનેતામાંથી એક છે. જોન અબ્રાહમે બોલિવુડમાં પોતાની એક્ટિંગ, ફિટનેસની સાથે સાથે ચાહકોનું પણ દિલ જીતી લીધું છે. જોન એક શાનદાર અભિનેતા પણ છે, પરંતુ સાથે સાથે તે દિલનો પણ ખુબ સારો વ્યક્તિ છે. જે ચાહકોને ક્યારે પણ નિરાશ કરતો નથી. હાલમાં જોનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે તેના એક ચાહકને તેના જન્મદિવસ પર સરપ્રાઈઝ ગિફ્ટ આપી રહ્યો છે. જોન અબ્રાહમનો પોતાના ચાહકની સાથે એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જે લોકોનું દિલ જીતી રહ્યો છે. આ વીડિયોમાં તમે જોઈ શકો છો કે, જોન પોતાના ચાહકને તેના જન્મદિવસ પર સરપ્રાઈઝ આપે છે અને ગિફ્ટમાં ૨૨.૫૦૦ ના રાઈડિંગ શૂઝ પણ આપે છે. જોન અબ્રાહમની આ દરિયાદિલીના ચાહકો ફેન છે. તેના વખાણ પણ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર અક્ષય કેદારી નામના એક ફેને કેટલાક વીડિયો અને ફોટો શેર કર્યો છે. અક્ષયે



ફોટો અને વીડિયો શેર કરી કહ્યું તેના ફેવરિટ અભિનેતા જોન અબ્રાહમે તેનો દિવસ શાનદાર બનાવ્યો છે અને તેની સાથે જન્મદિવસ પણ સેલિબ્રિટ કર્યો અને સાથે ગિફ્ટમાં ૨૨.૫૦૦ ના રાઈડિંગ શૂઝ આપ્યા છે. જોન અબ્રાહમે વર્ષ ૨૦૦૩માં ફિલ્મ જીસ્મની સાથે બોલિવુડમાં ડેબ્યુ કર્યુ હતુ. ત્યારબાદ જોને ગરમ મસાલા, ન્યૂયોર્ક, દેશી બોય, મદ્રાસ કૈફે, સત્યમેવ જયતે, બાટલા હાઉસ, ધૂમ, વોટર , હાઉસફુલ, વેલકમ બૈક જેવી સુપરહિટ ફિલ્મો આપી છે. અભિનેતા પઠાણની સાથે જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તેમણે વિલનની ભૂમિકા નિભાવી હતી.

### માધુરી દીક્ષિતનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે

# બધાને આશ્ચર્ય થયું અને માધુરી દીક્ષિત આ સાંભળીને હસી પડી

## એક બાળક બોલીવુડની ધક ધક ગર્લને તેની આંટી કહીને શુભેચ્છા પાઠવે છે, જેના પર અભિનેત્રીની ખૂબ જ સુંદર પ્રતિક્રિયા જોવા મળે છે



બોલિવુડ અભિનેત્રી માધુરી દીક્ષિત ૫૬ વર્ષની ઉંમરમાં પણ સુપરફિટ અને અત્યંત સુંદર લાગે છે. ૯૦ના દાયકાની સૌથી બ્રિલિયન્ટ એક્ટ્રેસ માધુરી માત્ર એક્ટિંગ માટે જ નહીં પરંતુ ડાન્સિંગ માટે પણ જાણીતી છે. આ દિવસોમાં તે ‘ડાન્સ દીવાને’ શોમાં જજ તરીકે જોવા મળી રહી છે.આ દરમિયાન ધક ધક ગર્લનો એક વીડિયો સામે આવ્યો છે જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આમાં અભિનેત્રી તેના ક્યૂટ ફેન્સ સાથે વાત કરતી જોવા મળે છે.

બાળકે બધાની સામે તેને આંટી કહીને બોલાવી, ત્યારબાદ અભિનેત્રીની પ્રતિક્રિયા વાયરલ થઈ રહી છે. માધુરીના રિએક્શન સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. માધુરી દીક્ષિત શો ‘ડાન્સ દીવાને’ માટે તૈયાર થઈ રહી હતી અને સેટ પર જઈ રહી હતી, જ્યારે વેનિટી વેનમાંથી બહાર આવી ત્યારે અચાનક એક મહિલા તેના બાળક સાથે તેની પાસે આવી અને કહ્યું, ‘મારો પુત્ર તમને મળવા માગે છે.’ માધુરીએ બાળકને જોઈને હેલો કહ્યું. મહિલાએ તેના પુત્રને કહ્યું, ‘સે હેલો ટુ આંટી’ અને નાના બાળકે અભિનેત્રીને બધાની સામે આંટી કહી. બધાને આશ્ચર્ય થયું અને માધુરી દીક્ષિત આ સાંભળીને હસી પડી. અભિનેત્રીની આ પ્રતિક્રિયા વાયરલ થઈ રહી છે. વાયરલ વીડિયોમાં તમે માધુરી દીક્ષિતને મલ્ટીકલર્ડ લહેંગા ચોલીમાં જોઈ શકો છો, જેમાં તે હંમેશાની જેમ ખૂબ જ સુંદર લાગી રહી છે. તેના દેખાવને વધુ નિખારવા માટે, અભિનેત્રીએ મોટી ડ્રોપ એરિંગ્સ અને બંગડીઓ પહેરી હતી. બોલિવૂડની ધક ધક ગર્લ મિનિમલ મેકઅપમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. શો ‘ડાન્સ દીવાને’માં, માધુરી દીક્ષિત અને કરિશ્મા કપૂરે તેમની બ્લોકબસ્ટર ફિલ્મ ‘દિલ તો પાગલ હૈ’ના એક પ્રખ્યાત ગીત પર ફરીથી ડાન્સ કર્યો. ૨૭ એપ્રિલ શનિવારના રોજ, ૧૯૯૭ની ફિલ્મના ગીત ‘ચક ધૂમ ધૂમ’ પર ડાન્સ કરીને તે ફરી એકવાર જૂની યાદોમાં ખોવાઈ ગઈ.

# બોલિવુડનો સુપર સ્ટાર મનોજ બાજપેયી વેકેશન દરમિયાન ખેતી કામ કરતા હતા

## તેમની એક નાની બહેન પૂનમ દુબે ફિલ્મ ઉદ્યોગમાં ફેશન ડિઝાઇનર છે તેના પિતા ખેડૂત હતા અને માતા ગૃહિણી હતી

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણા સ્ટાર્સ છે જેમના માટે સ્ટારડમ બિલકુલ સરળ નથી. સારા દેખાવ અને ડેશિંગ બોડી ન હોવાના કારણે આ સ્ટાર્સને રિજેક્શન મળવું સામાન્ય વાત છે. ઘણી વખત આ સ્ટાર્સ કંટાળી જાય છે અને આત્મહત્યા કરવાનો પ્રયાસ પણ કરે છે. આજે અમે તમને ઈન્ડસ્ટ્રીના એવા જ એક સ્ટારનો પરિચય કરાવીશું, જેણે હિંમત હાર્યા નહીં અને પૂરી મહેનત સાથે આગળ વધ્યા. આ હિંમત અને જુસ્સાના કારણે આજે તે પોતાના ચાહકોમાં ‘ફેમિલી મેન’ તરીકે લોકપ્રિય બની ગયો છે. અમે વાત કરી રહ્યા છીએ મનોજની, મનોજ બાજપેયીનો જન્મ ૨૩ એપ્રિલના ૧૯૬૯ના રોજ બિહારના ચંપારણના બેલવા ગામમાં થયો હતો. તેના પિતા ખેડુત હતા. અભિનેતાનું સપનું બાળપણથી બોલિવુડમાં સુપર સ્ટાર બનવાનું હતુ. તેના માતા પિતાએ તેમનું નામ બોલિવુડના સુપરસ્ટાર મનોજ કુમારના નામ પરથી રાખ્યું હતુ. બાજપેયીનો જન્મ ૨૩ એપ્રિલ



૧૯૬૯ના રોજ બિહારના ચંપારણ નજીક આવેલા એક નાનકડા ગામમાં હિંદુ પરિવારમાં થયો હતો. તે પાંચ ભાઈ-બહેનોમાં તેઓ બીજા સંતાન છે, અને તેનું નામ અભિનેતા મનોજ કુમારના નામ પરથી રાખવામાં આવ્યું હતું. તેમની એક નાની બહેન પૂનમ દુબે ફિલ્મ ઉદ્યોગમાં ફેશન ડિઝાઈનર છે. તેના પિતા ખેડૂત હતા અને માતા ગૃહિણી હતી. એક ખેડૂતના પુત્ર તરીકે, બાજપેયી તેમના વેકેશન દરમિયાન ખેતી કરતા હતા. બાળપણથી જ તે અભિનેતા બનવા માંગતો હતો. મનોજે ૧૨મા સુધીનો અભ્યાસ બિહારમાંથી જ કર્યો હતો અને એક્ટર બનવાનું સપનું પૂરું કરવા માટે તે ૧૭ વર્ષની ઉંમરે દિલ્હી આવ્યો હતો. અહીં તેણે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં ત્રણ વખત એડમિશન લેવાનો પ્રયાસ કર્યો પરંતુ ત્રણેય વખત નિષ્ફળ ગયો. આ પછી તે એટલા હતાશ થઈ ગયા કે તેણે આત્મહત્યા કરવાનો પ્રયાસ પણ કર્યો, આજે બોલિવુડ સ્ટાર છે.

# આરોપીની આત્મહત્યા કેસની મેજિસ્ટ્રેટ તપાસ

## પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર આ કેસમાં સીઆઈડી તપાસની સાથે મેજિસ્ટ્રિયલ તપાસ કરાવવાનો નિર્ણય

મુંબઈ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર આ કેસમાં સીઆઈડી તપાસની સાથે મેજિસ્ટ્રિયલ તપાસ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મૃતકના પરિવારજનો દ્વારા સતત આક્ષેપો કરવામાં આવી રહ્યા છે ત્યારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે હજુ સુધી સત્તાવાર નિવેદન બહાર પડવામાં આવ્યું નથી. ગુરુવારે દક્ષિણ મુંબઈની સરકારી જેજે હોસ્પિટલમાં મૃતકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. અભિનેતા સલમાન ખાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ કેસના આરોપી અનુજ થાપનની આત્મહત્યાથી મામલો વધુ ઘેરો બન્યો છે.



અભિનેતાના ઘરની બહાર ફાયરિંગ માટે હથિયાર સપ્લાય કરવાના આરોપી થાપને બુધવારે ક્રાઈમ બ્રાંચના લોકઅપ બાથરૂમમાં આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે મૃતકના પરિવારજનોએ પોલીસ પર આરોપ લગાવ્યો છે. આ સંદર્ભે કેસની સીઆઈડી તપાસની સાથે મેજિસ્ટ્રેટ તપાસ કરવાની સૂચના આપવામાં આવી છે.

મુંબઈ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર આ કેસમાં સીઆઈડી તપાસની સાથે મેજિસ્ટ્રિયલ તપાસ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મૃતકના પરિવારજનો દ્વારા સતત આક્ષેપો કરવામાં આવી રહ્યા છે ત્યારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે હજુ સુધી સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. ગુરુવારે દક્ષિણ મુંબઈની સરકારી જેજે હોસ્પિટલમાં મૃતકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક ડોક્ટરોની હાજરીમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું, જેની વીડિયોગ્રાફી કરવામાં આવી હતી.



હાલમાં રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.પોલીસના જણાવ્યા અનુસાર, થાપને ક્રાઈમ બ્રાંચના લોકઅપ બાથરૂમની બારીમાંથી લટકાવવા માટે કાપડની બનેલી કાર્પેટનો ઉપયોગ કર્યો હતો. વાસ્તવમાં, લોકઅપથી બાથરૂમમાં પ્રવેશવા સુધીની જગ્યા સીસીટીવીની દેખરેખ હેઠળ છે, પરંતુ જ્યાં તેણે ફાંસી લગાવી તે બાથરૂમની અંદર કોઈ સીસીટીવી નથી. તેથી હવે આ મામલે મેજિસ્ટ્રેટ તપાસ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.તમને જણાવી દઈએ કે એક અઠવાડિયા પહેલા પોલીસે કાર્યવાહી કરી પંજાબમાંથી બે આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં ૩૭ વર્ષીય સોનુ સુભાષ ચંદ્રા અને ૩૨ વર્ષીય અનુજ થપનનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, અનુજ લોરેન્સ બિશ્નોઈ ગેંગના સંપર્કમાં હતો. તે ટ્રક હેલ્પર તરીકે કામ કરતો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે સુરતની તાપી નદીમાંથી એક પિસ્તોલ અને કેટલાક જીવતા કારતૂસ મળી આવ્યા હતા. બ્રાન્ચનો દાવો છે કે આ એ જ હથિયારો હતા જેનો ઉપયોગ ૧૪ એપ્રિલે સલમાન ખાનના ઘરે ફાયરિંગ માટે કરવામાં આવ્યો હતો.

# ૨૮ મેના રોજ રિલિઝ કરવામાં આવશે પંચાયતની સિઝન 3

## ‘પંચાયત’ના નિર્માતાઓએ ચાહકો સાથે એક નાનકડી ગેમ શેર કરી હતી, જેમાં તેઓ ખીચડીને હટાવીને ત્રીજી સિઝનની રિલીઝ ડેટ જાણી શકે છે

ઓટીટી શો‘પંચાયત’, જેણે માત્ર ૪ વર્ષમાં હિન્દી સામગ્રીની દુનિયામાં સંપ્રદાયનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, તેની ત્રીજી સીઝન સાથે લોકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે. એમેઝોન પ્રાઈમ વિડિયો પર બીજી સિઝન પૂરી થતાં જ લોકો ‘પંચાયત ૩’ની રાહ જોવા લાગ્યા. પરંતુ ત્રીજી સિઝનની રીલિઝ ડેટ મોકૂફ થતી રહી.

આ શોના ચાહકો માટે સારા સમાચાર આવ્યા છે, જેની તેઓ છેલ્લા બે વર્ષથી રાહ જોઈ રહ્યા હતા. તાજેતરમાં, ‘પંચાયત’ના નિર્માતાઓએ ચાહકો સાથે એક નાનકડી ગેમ શેર કરી હતી, જેમાં તેઓ ખીચડીને હટાવીને ત્રીજી સિઝનની રિલીઝ ડેટ જાણી શકે છે. જો કે પ્રમોશનની આ સ્ટાઈલ લોકોને એકદમ આકરી લાગી હતી, પરંતુ હવે આ ગોળાઓ દૂર થઈ ગયા છે! એમેઝોન પ્રાઈમ વીડિયોએ ગુરુવારે જાહેરાત કરી હતી કે ‘પંચાયત ૩’ ૨૮ મેના રોજ




રિલીઝ થઈ રહી છે. શોનું બીજું પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર કરતાં પ્રાઈમ વિડિયોએ લખ્યું, ‘તમે ખાટાં કાઢી નાખ્યાં, અમે તમારો પુરસ્કાર અનલૉક કર્યો! **#PanchayatOnPrime S3**, ૨૮ મે.તમને જણાવી દઈએ કે, ‘પંચાયત’ની બીજી સીઝન મે ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. ૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ત્રીજી સીઝનનો ફર્સ્ટ લુક જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં સેક્રેટરી જી એટલે કે એક્ટર જિતેન્દ્ર કુમાર તેમની આઈકોનિક બાઈક પર જોવા મળ્યા હતા. બીજી તસવીરમાં બિનોદ (અશોક પાઠક) તેના મિત્ર ‘બનરકાસ’ (દુર્ગેશ કુમાર) સાથે જોવા મળ્યો હતો.અહેવાલો સૂચવે છે કે ‘પંચાયત ૩’ શરૂઆતમાં ૧૫ જાન્યુઆરીએ પ્રીમિયર થવાનું હતું. પરંતુ પછી તે મુલતવી રાખવામાં આવ્યું હતું. આ પછી, અહેવાલો આવ્યા કે આ લોકપ્રિય શોની ત્રીજી સીઝન માર્ચમાં આવવાની છે.

પરંતુ માર્ચમાં પણ ચાહકો નિરાશ થયા હતા. ગામડાના સામાન્ય જીવનની ઝલક લોકો સમક્ષ લાવનારી ‘પંચાયત’ની ત્રીજી સિઝન આખરે મે મહિનામાં આવી રહી છે. ચાહકો માટે આ મહિનાની શરૂઆત માટે આનાથી સારા સમાચાર શું હોઈ શકે.’પંચાયત ૩’ ઉપરાંત, આ વર્ષે એમેઝોન પ્રાઈમ વિડિયોની આગામી સ્લેટમાં વધુ બે મોટા શો છે, લોકો નવી સિઝનની રિલીઝ તારીખની રાહ જોઈ રહ્યા છે.

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની આંતરકોલેજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન






। અમદાવાદ, તા.૩ ।

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની શાખા દ્વારા તાજેતરમાં એક આંતરકોલેજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં ૪૦ કોલેજોના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને ૬ મિનિટનો સમય વક્તવ્ય માટે ફાળવવામાં આવ્યો હતો અને પાંચ જુદા જુદા વિષય આપવામાં આવ્યા હતા.આ પૈકી કોઈ પણ એક વિષય પર વિદ્યાર્થી પોતાનું વક્તવ્ય આપી શકે એવો વિકલ્પ પણ પસંદગી માટે આપવામાં આવ્યો હતો.

સ્પર્ધાનો પ્રારંભે યુનિવર્સિટીના કુલસચિવ ડો કે.એન.ખેરના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.આ સ્વાગત પ્રવચન એન.એસ.એસ.ના સંયોજક ભરત વાઢિયાએ કર્યું હતું.સ્પર્ધા અંગની વિગતો મનોજ શુક્લએ આપી હતી.કુલસચિવ ડો.કે.એન.ખેરે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં આ પ્રકારની સ્પર્ધાઓ વિદ્યાર્થીઓનાં વિકાસમાં મહત્વનો ફાળો આપે છે એમ જણાવીને ભાગ લેનાર સર્વ સ્પર્ધકોને અભિનંદન આપ્યા હતા.અંતમા આભારવિધિ શારીરિક શિક્ષણ નિયામક ડો. આકાશ ગોહિલે કરી હતી.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પાર્થ એ. મોરડિયા (શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજ, ભાવનગર), દ્વિતિય ક્રમે શુભાંકર પંડીત રાવ (એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ અમદાવાદ) તૃતીય ક્રમે કુ.હેતા ડી.પંડયા (આર.સી. ટેકનીકલ ઈનસ્ટીટ્યુટ, અમદાવાદ) ચોથા ક્રમે દેવાંશી પાટડિયા (સાલ ટેકનીકલ ઈનસ્ટીટ્યુ, અમદાવાદ) અને પાંચમા સ્થાને કુ.હેત્વી શાહ (પાયોનિયર ફાર્મસી કોલેજ) વિજેતા જાહેર થયા હતા.

આ સ્પર્ધાનાં નિર્ણાયકો તરીકે ડંકેશ ઓઝા (ગાંધીનગર), કિશોર જિકાદરા(ગાંધીનગર)આને ડો.તૃપ્તિ ક.ભટ્ટે સેવાઓ આપી હતી.સમગ્ર સ્પર્ધાનું સંચાલન ભરત વાઢિયાએ કર્યું હતું.

# ભુજ-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ટ્રેનમાં વધારાનો ફર્સ્ટ એસી કોચ ઉમેરવામાં આવશે

। અમદાવાદ, તા.૩ ।

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે ભુજ-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ટ્રેનમાં એક વધારાનો ફર્સ્ટ એસી કોચ ઉમેરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છે:- ટ્રેન નંબર ૦૯૪૦૭/૦૯૪૦૮ ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા સ્પેશિયલ ટ્રેનમાં ભુજથી ૦૭ મે ૨૦૨૪ થી ૨૮ જૂન ૨૦૨૪ સુધી અને દિલ્હી સરાય રોહિલ્લાથી ૮ મે ૨૦૨૪ થી ૨૯ જૂન ૨૦૨૪ સુધી એક ફર્સ્ટ એસી નો અતિરિક્ત કોચ ઉમેરવામાં આવશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# દિવડા કોલોની પ્રાથમિક શાળા ખાતે વય નિવૃત્તિ સન્માન સમારોહ




તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની



। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૩ ।

કડાણા તાલુકા પે સેન્ટરની દીવડા કોલોની પ્રાથમિક શાળા ખાતે પંડ્યા કાશ્મીરાબેન વૈકુંઠલાલ, બારીયા બાપુજીભાઈ મસુરભાઈ તેમજ પટેલ નિર્મળાબેન ગોવિંદભાઈ તારીખ ૩૧/૫ /૨૦૨૪ ના રોજ વય નિવૃત્ત થતા હોઈ તેઓ નો વય નિવૃત્તિ સન્માન સમારોહ તા.૦૨/૫/૨૦૨૪ ના રોજ કડાણા પગાર કેન્દ્ર પરિવાર અને દીવડા કોલોની તેમજ છત્રપુરા શાળા પરિવાર તરફથી રાખવામાં આવેલ હતો. નિવૃત્તિ લેનાર શિક્ષકોને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા.ફાલ્ગુનીબેન ડીંડોર દ્વારા વિદાય ગીત તૈયાર કરાવી શાળાની બાલિકાઓ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું શાળાના આચાર્યશ્રી રમેશભાઈ બી. ખાંટ તેમજ શાળા પરિવાર દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ હતું. અંતમાં આચાર્ય શ્રીદ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી ભોજન પ્રસાદી લઈ સૌ ભાવવિભોર બની છૂટા પડ્યા હતા.

# અમદાવાદ વન (આલ્ફા) મોલ ખાતે કલાત્મક રંગોળીઓ દ્વારા 'મતદાન જાગૃતિ'નો સંદેશ અનોખી રીતે અપાયો

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

લોકશાહીના મહાપર્વ ચૂંટણી અંતર્ગત થોડા દિવસ પછી મતદાન યોજાનાર છે ત્યારે અમદાવાદ જિલ્લામાં 'મતદાન જાગૃતિ'ના અનોખા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સ્વીપ એક્ટિવિટી અને ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (ટીઆઈપી) અંતર્ગત શહેર અને જિલ્લામાં વિવિધ કાર્યક્રમો પૂરજોશમાં ચાલી રહ્યા છે.

શહેરના અમદાવાદ વન (આલ્ફા) મોલ ખાતે વિક્રમસર્જક મહાકાય રંગોળી કંડારી 'મતદાન જાગૃતિ'નો આકર્ષક સંદેશો અનોખી રીતે અપાયો હતો. ઊડીને આંખે વળગે તેવી રંગબેરંગી કલાત્મક રંગોળી બનાવી નાગરિકોને દેશહિતમાં મતદાન કરવાની અપીલ કરાઈ હતી. અમદાવાદ વન (આલ્ફા) મોલની મુલાકાતે આવેલા નાગરિકો પણ આ રંગોળીથી આકર્ષિત થયા હતા.

અમદાવાદ જિલ્લાના ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને ટીઆઈપીના નોડલ અધિકારી અને ડે. મ્યુનિ. કમિશનર શ્રી સી.એમ. ત્રિવેદીએ રંગોળી નિહાળીને સ્વીપ ટીમને બિરદાવી હતી. આ મહા રંગોળીમાં ભારત તથા ગુજરાતનો નકશો બનાવી તેમાં અચૂક મતદાનના વિવિધ સૂત્રો લખવામાં આવ્યાં હતાં. 'દસ મિનિટ દેશ માટે', 'અવસર લોકશાહીનો', 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' જેવા સૂત્રો લખી મતદાન કરવા લોકોને પ્રોત્સાહિત કરાયા હતા. 60×12 ફૂટની આ અદભુત રંગોળી તૈયાર કરવામાં આશરે ૩૫૦ કિલો કલરનો ઉપયોગ થયો હતો. આ ઉપરાંત ૧૨ લોકોની ટીમે સતત ૧૨ કલાક સુધી જહેમત ઉઠાવી આ રંગોળી કંડારી હતી, જે શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

જિલ્લા ચૂંટણી તંત્રના માર્ગદર્શનમાં સ્વીપ એક્ટિવવિટી નોડલ ઓફિસર શ્રી યોગેશ પારેખ અને તેમની ટીમ દ્વારા 'મતદાન જાગૃતિ' અન્વયે આ આયોજન કરવામાં આવ્યું હતું, જેને નાગરિકો તરફથી વ્યાપક પ્રતિસાદ મળ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર જિલ્લામાં મહતમ મતદાન થાય તે દિશામાં જિલ્લા ચૂંટણી તંત્ર સતત પ્રયાસરત છે.

અમદાવાદ શહેરમાં પણ અનેક આઈકોનિક સ્થળો પર અનોખી રીતે 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

# ઝાલોદ પ્રાંત કચેરીના પ્રાંગણમાં આંગણવાડી બહેનો દ્વારા રંગોળી બનાવી મતદાન જાગૃતિ અંગે સંદેશો આપવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ તાલુકામાં પ્રાંત અધિકારી અને તાલુકા વિકાશ અધિકારીના સંયુક્ત ઉપક્રમે આંગણવાડી બહેનો દ્વારા રંગોળી બનાવી મતદાન જાગૃતિ અંગેનો સંદેશો આપવામાં આવ્યો હતો. દાહોદ જિલ્લા ચૂંટણી અધિક્ષકના સીધા માર્ગદર્શન હેઠળ ઝાલોદ નાયબ ચુંટણી અધિક્ષક ભાટિયા દ્વારા અલગ અલગ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને સાથે રાખી મતદાન વધુમાં વધુ થાય તે માટે મતદાન જાગૃતિ હેઠળ દરરોજ સુંદર પ્રોગ્રામો કરવામાં આવી રહેલ છે.

આજરોજ પ્રાંત અધિકારી દ્વારા તાલુકા વિકાશ અધિકારીને સાથે રાખી આઈ.સી.ડી.એસની આંગણવાડીની બહેનો દ્વારા સુંદર મતદાન જાગૃતિ અંગે સંદેશો આપતા રંગોળી મૂકવામાં આવી હતી. જેમાં તારીખ ૦૭-૦૫-૨૦૨૪ ના રોજ અચૂક મતદાન કરવું, મતદાન મહાદાન, વોટ એજ મારો સંદેશ, મતદાન થી વિશેષ કઈ નથી, હું અવશ્ય મતદાન કરીશ, મત આપો અને મત અપાવો દેશને ઓળખ અપાવો જેવા સુંદર મતદાન જાગૃતિ અંગેના સૂત્રો મૂકવામાં આવ્યા હતા.

નગરની મામલતદાર કચેરી ખાતે તાલુકાના ઘણા બધા લોકો પોતાના વહીવટી કામના નિરાકરણ માટે આવતા હોય છે જેથી આવતા જતા સહુ લોકો આ રંગોળી જોઈ અને લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરે. આ સુંદર પ્રોગ્રામને સફળ બનાવવા પ્રાંત અધિકારી તેમજ નાયબ ચુંટણી અધિક્ષક અને બાળ વિકાસ યોજના અધિકારી નીલુબેન માછી, નાયબ મામલતદારો, આંગણવાડીની બહેનો દ્વારા સુંદર રંગોળી મતદાન જાગૃતિના પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ તાલુકાના ડુંગરી મુકામેથી ૨૫૮૯૦ ના દારૂ સાથે બે બાઇક સવારોને ઝડપી પાડતી દાહોદ એલ.સી.બી પોલીસ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

દાહોદ જિલ્લા એલ.સી.બી પોલીસ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે એક સ્પેશિયલ પ્રોહી. ડ્રાઈવનુ આયોજન લીમડી ખાતે કરેલ હતું. તે દરમિયાન દાહોદ એલ.સી.બી પોલીસને ખાનગી રાહે રાજસ્થાનના ડુંગરા તરફથી બે ઈસમો મોટરસાયકલ પર અલગ અલગ થેલીમાં નાખી વિદેશી દારૂ લાવી લીમડી થી લીમખેડા જઈ રહેલ હોવાની બાતમી મળેલ હતી.

ત્યારે એલ.સી.બી પોલીસ દ્વારા લીમડી થી લીમખેડા જતા રસ્તે ડુંગરી મુકામે બાતમી વાળા વાહનની તપાસમાં હતા. ત્યારે બાતમી વાળા બંને વાહન આવતા તેને રોકતા એક હોન્ડા મોટર સાયકલ GJ-20-BC-8633 જેનો ચાલક નરેશ રૂપસિંગ ડામોર (ચાકલીયા, બોરસદ ફળીયુ) તેમજ બીજી નંબર વગરની પલ્સર મોટરસાયકલ જેનો ચાલક જશવંત ગંગલ મુનીયા (સરપંચ ફળીયુ, રળીયાતીભુરા)ની અટકાયત કરેલ હતી.

ઉપરોક્ત બંને ઈસમો પાસે થી એલ.સી.બી પોલીસને વિદેશી દારૂની કુલ ૧૫૫ બોટલો મળી આવેલ હતી જેની કિંમત ૨૫૮૯૦ તેમજ બંને મોટર સાયકલની કિંમત ૭૦૦૦૦ થઈ કુલ ૯૫૮૯૦ ના મુદામાલ સાથે બંને યુવકોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# યુવા મહિલાઓ NCW સાથે મળીને ટેક્નોલોજી, બિઝનેસ અને જાહેર જીવનનું નેતૃત્વ કરે છે

। ગાંધીનગર, તા.૩ ।

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના આશ્રય હેઠળ સ્કૂલ ઓફ ક્રિમિનલ લો એન્ડ મિલિટરી લોએ રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબલ્યુ) ના સહયોગથી ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ "રાઈઝ એન્ડ લીડ: યંગ વુમન પાયોનિયરિંગ ટેકનોલોજી, બિઝનેસ અને પબ્લિક લાઈફ" શીર્ષકવાળી ક્ષમતા નિર્માણ કાર્યક્રમનું આયોજન કર્યું છે. ગુજરાતના યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલી આ પહેલનો ઉદ્દેશ મહિલાઓને વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વની ભૂમિકા નિભાવવા માટે પ્રેરણા અને સજ્જ કરવાનો હતો. આ કાર્યક્રમ ત્રણ મુખ્ય વિષયો પર કેન્દ્રિત હતો: "ટેક હોરાઈઝન્સ: એઆઈ, ડ્રોન ટેકનોલોજીમાં ઉભરતી તકો શોધવી", "નિર્ણય લેવામાં મહિલાઓ: જાહેર જીવનમાં અગ્રણી મહિલાઓ", અને "કોર્પોરેટ ક્ષેત્રમાં મહિલાઓ."

# દુનિયાભરમાં તા. ૫ થી ૬ મે બે દિવસ અવકાશમાં ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્દભૂત નજારો જોવા મળશે

**૫ થી ૬ મે સુધી વહેલી પરોઢે આકાશમાં મહત્તમ ઉલ્કાવર્ષા પડતી નજરે પડશે**

। અમદાવાદ તા ૩ ।

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં કવોડરેન્ટીડસ, એપ્રિલમાં લાયરીડ્સ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. વિશ્વમાં શનિવાર મધ્યરાત્રિ બાદ બે દિવસ સુધી ઈટા-એકવેરીડ્સ ઉલ્કા વર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. તા. ૫ અને ૬ મી મે ના રોજ મહત્તમ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. વિજ્ઞાન જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે શનિવારે મધ્યરાત્રિ બાદ સોમવાર પરોઢ સુધી આકાશમાં ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૫ અને ૬ મે ના રોજ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે.

કલાકના ૧૫ થી ૫૦ અને વધુમાં વધુ એકસો ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. કુદરતી નજારો હોય દિશા-સમયમાં થોડા ફેરફારની પુરતી શકયતા છે. આ ઉલ્કાવર્ષા મહત્તમ બે દિવસ રવિવાર થી સોમવાર સવાર સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો। ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે જો તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા કેમ કે તે માત્ર થોડા સમય માટેજ છે. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ.

**સિંહ (મ,ટ) :**
આજે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને આનંદ આપશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો। સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે પણ તમારે તમારાર રહસ્યો અન્યો સાથએ શૅર કરવાનું ટાળવું જોઈએ.

**તુલા (ર,ત) :**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધ માં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

**મકર (ખ,જ) :**
આજે તમારો માયાળુ સ્વભાવ તમારા જીવનમાં અનેક ખુશીભરી ક્ષણો લાવશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી અંદર ઊર્જા અને સ્ફૂર્તિ ભરપૂર રહેશે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે। ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજનો દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. પ્રેમ જીવન આજે વિવાદાસ્પદ બની શકે છે. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે.

# તાજમહેલ બનાવવા માટે હજારો ટન ગોળનો થયો હતો ઉપયોગ

**યુનેસ્કો દ્વારા ૧૯૮૩માં તેની ભવ્ય આર્ટવર્ક માટે તેને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા આપવામાં આવી હતી**






પ્રેમના પ્રતિક એવા તાજમહેલને જે કોઈ જુએ છે તેના મોઢામાંથી એક જ શબ્દ નીકળે છે - વાહ! ૨૨ વર્ષમાં ૨૨ હજાર મજૂરો દ્વારા બનાવવામાં આવેલ તાજમહેલની સુંદરતા ૩૬૬ વર્ષ પછી પણ એવી જ છે.

તાજમહેલને જોઈને ઘણા લોકોના મનમાં આ સવાલ ઉઠે છે કે આ ઈમારત આટલા વર્ષો સુધી આટલી સુંદર કેવી રીતે રહી અને કેવી રીતે બની શકી. પરંતુ શું તમે જાણો છો કે આ પ્રેમનું પ્રતીક બનાવવા માટે કામદારોએ એક ખાસ ટેકનિકનો ઉપયોગ કર્યો હતો. જેના માટે કેટલાય ટન ગોળની પણ જરૂર પડતી હતી. હકીકતમાં, તાજમહેલના નિર્માણની પ્રક્રિયા ૧૬૩૧ની સદીમાં શરૂ થઈ હતી અને તે ૧૬૪૮માં પૂર્ણ થઈ હતી. તેના નિર્માણમાં ૩૮ ખાસ પત્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વળી, તેના નિર્માણનો સમાન લાવવા માટે એક હજારથી વધારે હાથી દિવસ-રાત મહેનત કરી રહ્યા હતાં. આવી સ્થિતિમાં, આ ઈમારતને વિશેષ બનાવવા માટે, તેના નિર્માણમાં એક ખાસ પ્રકારના લેપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે તૈયાર કરવામાં આવ્યો હતો ઘણાં ટન ગોળમાંથી. જી હાં, તમે એકદમ સાચું વાંચી રહ્યા છો આ ઈમારતને મજબૂત બનાવવા માટે ખાસ લેપ બનાવવામાં આવ્યો હતો જે કાંકરા, ગોળ, દહીં, બેલગીરીનું પાણી અને અડદની દાળમાંથી તૈયાર કરવામાં આવ્યો હતો. જેના દ્વારા પત્થરો એકસાથે ચોંટી ગયા હતા.

હવે તમે વિચારી રહ્યા હશો કે આ ઈમારતને બનાવવામાં કેટલો ખર્ચ થયો હશે, તો ચાલો તમને જણાવી દઈએ કે એક અનુમાન મુજબ તે સમયે તેને બનાવવામાં ૩૨ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. જે આજના સમયમાં ૫૨,૮૦૦ કરોડ રૂપિયા બરાબર છે. તાજમહેલ પારસી અને ઈસ્લામિક કલાનું ઉત્તમ ઉદાહરણ છે. યુનેસ્કો દ્વારા ૧૯૮૩માં તેની ભવ્ય આર્ટવર્ક માટે તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપવામાં આવી હતી.

# માલની હેરફેરમાં ગુજરાત રાજ્ય દેશભરમાં અવલ્લ!

**દેશના ૨૨૯ બંદરો પર વાર્ષિક ૧૪૩ કરોડ ટન સામાનની આયાત-નિકાસ થાય છે : ગુજરાતના બંદરો સૌથી આગળ**



ગુજરાત સતત વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. માલની હેરફેરના આંકડાઓ પર નજર કરશો તો ખ્યાલ આવશે કે, સમગ્ર દેશના બંદરો પર જે સામાનની અવર-જવર થાય છે તેની સામે ગુજરાતનો આંકડો ક્યાં પહોંચે છે. દેશના ૨૨૯ બંદરો પર વાર્ષિક ૧૪૩ કરોડ ટન સામાનની આયાત-નિકાસ થાય છે. તેની સામે ગુજરાતના ૪૯ બંદરેથી વર્ષે ૫૫ કરોડ ટન માલની હેરફેર થાય છે. રાજ્યના ૪૯ બંદરોથી ૨૦૨૨- ૨૩માં ૫૫ કરોડ ટનથી વધુ માલ- દેશના ૨૨૯ બંદરો પર માલ-સામાનની આયાત-નિકાસ થાય છે. જેમાં ૧૨ બંદરો મેજર છે, જેમાં ગુજરાતના કંડલા બંદરનો પણ સમાવેશ થાય છે. કંડલા બંદરેથી ૨૦૨૨-૨૩માં ૧૩.૭૫ કરોડ ટન સામાનની અવર- જવર નોંધાઈ છે. જ્યારે અન્ય ૪૮ નોન-મેજર બંદરો પરથી ૪૧.૬૩ કરોડ ટન સામાનની અવર-જવર થઈ છે. અહીં વિદેશ જતાં અને એક બંદરેથી બીજા બંદરે અવર-જવર થતા માલ-સામાનનો સમાવેશ થાય છે. દેશના લોજીસ્ટિક સેક્ટર માટેના પ્રોજેક્ટ સાગરમાલા હેઠળ ગુજરાતને ૧૨ નિયત પ્રોજેક્ટ માટે ૧૦૫૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. માલ સમાનની આ પ્રકારે ટ્રાજેક્શનએ આર્થિક રીતે ગુજરાતના વિકાસદરને પણ ઉપર લઈ જાય છે. સાથો-સાથ દેશના વિકાસમાં પણ તેના ફાળો વધે છે.

# કેનેડાની વસતીમાં વધારો થશે અને આર્થિક પ્રવૃત્તિ વધશે

**કેનેડા આવા ઘણા લોકોને સિટિઝનશિપ આપવા વિચારે છે, આ પ્રક્રિયામાં ઘણા ભારતીયોને પણ ફાયદો થવાની શક્યતા છે**





કેનેડામાં ગેરકાયદે ઘૂસેલા તથા વિઝા પૂરા થયા પછી પણ રોકાઈ ગયા હોય તેવા ઈમિગ્રન્ટની સંખ્યા બહુ મોટી છે. આવા લોકો માટે હવે સારા સમાચાર છે. આવા લોકો માટે કેનેડા સિટિઝનશિપનો રસ્તો ખોલવા જઈ રહ્યું છે. કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે જણાવ્યું કે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ માટે સિટિઝનશિપનો રસ્તો ઉઘાડવામાં આવશે. કેનેડા આ માટે એક વિસ્તૃત પ્રોગ્રામ શરૂ કરશે. તેનાથી હજારો લોકોને કેનેડામાં કાયમી વસવાટની તક મળશે.

મિલરે એક મુલાકાતમાં જણાવ્યું કે કેનેડાએ બહુ મહત્ત્વાકાંક્ષી ઈમિગ્રેશન ટાર્ગેટ તૈયાર કર્યો છે. તેના ભાગરૂપે વર્ષ ૨૦૨૫ સુધીમાં તે પાંચ લાખ ઈમિગ્રન્ટ્સને કેનેડા લાવવા માંગે છે. તેનાથી કેનેડાની વસતીમાં વધારો થશે અને આર્થિક પ્રવૃત્તિ પણ વધશે. અહીં અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટની સંખ્યા બહુ મોટી છે જેમાં સ્ટુડન્ટ્સ અને વર્કર્સ પણ સામેલ છે જેમના વિઝાની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં અહીં રોકાયેલા છે. એક અંદાજ પ્રમાણે કેનેડામાં હાલમાં ત્રણ લાખથી છ લાખ લોકો કાયદેસરના ડોક્યુમેન્ટ વગર રહે છે. તેમની પાસે કોઈ ફોર્મલ સ્ટેટસ ન હોવાના કારણે તેમના પર હંમેશા ડિપોર્ટ થવાનો ખતરો રહે છે.

હવે કેનેડા સરકાર જે સિટિઝનશિપ પ્રોગ્રામ શરૂ કરવાની છે તેમાં અહીં ગેરકાયદે ઘુસેલા લોકો ઉપરાંત જેઓ સ્ટુડન્ટ તરીકે અથવા વર્કર તરીકે કાયદેસર આવ્યા હતા અને વિઝાની મુદત પૂરી થવા છતાં અહીં જ રોકાઈ ગયા છે તેવા લોકોને પણ નાગરિક બનાવવામાં આવશે. જોકે, કેનેડામાં જેટલા ગેરકાયદો લોકો વસે છે તે બધાને સિટિઝનશિપ મળી જશે એવું નથી. કેનેડાના મંત્રીએ જણાવ્યું કે તાજેતરમાં જ જેઓ કેનેડામાં પ્રવેશ્યા છે એવા લોકોને કવર કરવામાં નહીં આવે. આગામી દિવસોમાં કેનેડાની કેબિનેટમાં એક દરખાસ્ત મુકવામાં આવશે અને અગાઉથી જેઓ ગેરકાયદે આવી ગયા છે તેવા લોકોને સિટિઝનશિપ આપીને રેગ્યુલરાઈઝ કરવાની માંગણી કરવામાં આવશે. કેનેડામાં કેટલાક સમયમાં બહારથી બહુ મોટી સંખ્યામાં લોકો આવીને વસ્યા છે. તેના કારણે અહીં હાઉસિંગની કટોકટી પેદા થઈ છે અને ફુગાવાનો દર પણ ઘણો વધી ગયો છે. આર્થિક બાબતોની ચિંતા હોવા છતાં સરકારે આગામી બે વર્ષ માટે હાલનું ઈમિગ્રેશન સ્ટેટસ જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. વર્ષ ૨૦૨૬થી કેનેડામાં ઈમિગ્રેશનમાં સતત વધારો કરવાનું બંધ કરી દેવામાં આવશે.

વર્ષ ૨૦૨૩માં કેનેડામાં ૪.૬૫ લાખ નવા રહેવાસીઓ આવવાની શક્યતા છે અને ૨૦૨૪માં તેની સંખ્યા વધીને ૪.૮૫ લાખ સુધી પહોંચશે. વર્ષ ૨૦૨૫માં કેનેડામાં પાંચ લાખ નવા વસાહતીઓ આવશે તેવી શક્યતા છે. ૨૦૨૬ સુધી આ રીતે નવા વસાહતીઓની સંખ્યા વધતી જશે, પરંતુ ત્યાર પછી તેના પર કન્ટ્રોલ મૂકવામાં આવશે. કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા પણ બહુ મોટી છે. તેવી જ રીતે અલગ અલગ સેક્ટરમાં ઘણા ભારતીય કામદારો કામ કરે છે જેમના વિઝાની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં તેઓ સ્વદેશ પાછા નથી આવ્યા કે વિઝાને એક્સ્ટેન્ડ પણ નથી કરાવ્યા. આવા લોકોને કેનેડામાં સિટિઝનશિપ મળી જાય તો તેમના માટે આ બહુ ફાયદાકારક પગલું ગણાશે.

# ડાયાબિટીસ રેડ લાઇટ થેરાપીથી કંન્ટ્રોલ થઇ શકે છે

આજના સમયમાં ડાયાબિટીસ એક મોટી સમસ્યા બની ગઈ છે જે સમગ્ર વિશ્વમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી છે. આ એક એવો રોગ છે જેમાં આપણા લોહીમાં શુગરનું પ્રમાણ વધી જાય છે કારણ કે આપણું શરીર યોગ્ય રીતે ઈન્સ્યુલિન બનાવી શકતું નથી કે તેનો ઉપયોગ કરી શકતું નથી. તેની પાછળનું કારણ આપણી જીવનશૈલી અને ખોટી ખાવાની આદતો હોઈ શકે છે. પરંતુ તાજેતરમાં એક નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે ડાયાબિટીસના દર્દીઓ માટે આશાનું એક નવું કિરણ ઉભરી આવ્યું છે અને તે છે રેડ લાઈટ થેરાપી. રેડ લાઈટ થેરાપી એ એક ખાસ પ્રકારની થેરાપી છે જેમાં લાલ લાઈટનો ઉપયોગ કરવામાં આવે છે. આ થેરાપીમાં શરીરના ચોક્કસ ભાગો પર લાલ પ્રકાશ ફેંકવામાં આવે છે. આ પ્રકાશ ત્વચાના ઊંડાણ સુધી પહોંચે છે અને ત્યાંના કોષોને સક્રિય કરે છે. તેનાથી શરીરની અંદર એનર્જી પ્રોડક્શન વધે છે, જેનાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થાય છે. તાજેતરમાં, “જર્નલ ઓફ બાયોફોટોનિક્સ”માં પ્રકાશિત થયેલા




સંશોધનમાં દર્શાવવામાં આવ્યું છે કે ૬૭૦ નેનોમીટર લાલ પ્રકાશ માઈટોકોન્ડ્રિયા એટલે કે આપણા કોષોના ઉર્જા કેન્દ્રમાં ઊર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે. આનાથી શરીરમાં ગ્લુકોઝનો વપરાશ વધે છે અને ખાસ કરીને જ્યારે આપણે કંઈક મીઠી વસ્તુ ખાઈએ છીએ ત્યારે બ્લડ સુગર લેવલ ૨૭.૭ ટકા ઘટે છે અને શુગર લેવલમાં ઉછાળો પણ ૭.૫ ટકા ઘટી જાય છે. "મેડિકલ એક્સપ્રેસ" અનુસાર, આ સંશોધન સૂચવે છે કે બ્લૂ લાઈટના બા સમય સુધી સંપર્કમાં રહેવાથી બ્લડ સુગરના સંતુલનમાં ખલેલ પડી શકે છે, જે એક મોટી

**આ અભ્યાસ 30 સ્વસ્થ વ્યક્તિઓ પર કરવામાં આવ્યો હતો, તેમને બે જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા**



આ સિવાય પાર્કિન્સન્સ અને ડાયાબિટીક રેટિનોપેથી જેવા રોગોના લક્ષણોને ઘટાડવામાં પણ આ ટેક્નોલોજી મદદરૂપ સાબિત થઈ છે. આજના સમયમાં ડાયાબિટીસ એક મોટી સમસ્યા બની ગઈ છે જે સમગ્ર વિશ્વમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી છે. આ એક એવો રોગ છે જેમાં આપણા લોહીમાં શુગરનું પ્રમાણ વધી જાય છે કારણ કે આપણું શરીર યોગ્ય રીતે ઈન્સ્યુલિન બનાવી શકતું નથી કે તેનો ઉપયોગ કરી શકતું નથી. તેની પાછળનું કારણ આપણી જીવનશૈલી અને ખોટી ખાવાની આદતો હોઈ શકે છે. પરંતુ તાજેતરમાં એક નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે ડાયાબિટીસના દર્દીઓ માટે આશાનું એક નવું કિરણ ઉભરી આવ્યું છે અને તે છે રેડ લાઈટ થેરાપી. રેડ લાઈટ થેરાપી એ એક ખાસ પ્રકારની થેરાપી છે જેમાં લાલ લાઈટનો ઉપયોગ કરવામાં આવે છે.

આ થેરાપીમાં શરીરના ચોક્કસ ભાગો પર લાલ પ્રકાશ ફેંકવામાં આવે છે. આ પ્રકાશ ત્વચાના ઊંડાણ સુધી પહોંચે છે અને ત્યાંના કોષોને સક્રિય કરે છે. તેનાથી શરીરની અંદર એનર્જી પ્રોડક્શન વધે છે, જેનાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થાય છે.

# દેશ મોટી વયની વસતી વધતા જાપાન અન્ય દેશના લોકોને તક આપે છે

વિશ્વમાં કુલ ૧૯૭ દેશ છે. જેમાંથી અમુક દેશની અર્થવ્યવસ્થા ખૂબ જ સારી છે તો અમુકની કફોડી હાલત છે. જો દેશની અર્થવ્યવસ્થા સારી હોય તો તે દેશનો વિકાસ થઈ રહ્યો છે એમ કહી શકાય છે. તેમજ જો દેશની અર્થવ્યવસ્થા ખોરવાઈ છે તો દેશમાં ગરીબીની સ્થિતિ સર્જાય છે. પરંતુ શું તમે જાણો છો કે જ્યારે અર્થવ્યવસ્થા જૂની થશે ત્યારે શું સ્થિતિ હશે અને ક્યાં દેશની અર્થવ્યવસ્થા ખૂબ જૂની છે. વૃદ્ધાવસ્થા તરફ આગળ વધતો દેશ જાપાન છે. જાપાનની મોટાભાગની વસ્તી વધતી ઉંમરના સંકટનો સામનો કરી રહી છે. જેની અસર દેશના આર્થિક વિકાસ પર પડી રહી છે. તેમજ જાપાનના લોકોની વધતી ઉંમર પણ એ દર્શાવે છે કે જાપાનની અર્થવ્યવસ્થા સૌથી જૂની અર્થવ્યવસ્થા છે. હાલમાં જ જાપાનમાં આવેલી મંદીના કારણે જાપાને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકેનું પોતાનું સ્થાન પણ ગુમાવ્યું હતું. આઈએમએફના આંકડા અનુસાર ૨૦૧૨માં જાપાનનું અર્થતંત્ર ૬.૩ લાખ કરોડ ડોલર હતું જે હવે ઘટી રહ્યું છે. સ્થાનિક ચલણ યેન અમેરિકન ડોલર સામે ૮૦ની સપાટીથી નબળો પડી અત્યારે ૧૪૦ પટકાતા, સરકાર અને સેન્ટ્રલ બેંકની નેગેટીવ વ્યાજ દર, એટલે કે બેંકમાં નાણા જમા કરાવવા માટે થાપણદારને ખર્ચ થાય એવી હોવાથી યેન સતત નબળો પડી રહ્યો છે. યેનની નબળાઈથી નિકાસ આધારિત અર્થતંત્ર ચાલી રહ્યું છે. જાપાનમાં વસતી ઘટી રહી છે, જન્મદર એકદમ નબળો છે એટલે વયસ્કની વસતી વિશ્વમાં સૌથી વધુ છે. દેશની ત્રીજા ભાગની વસતી ૬૫ વર્ષથી વધારે ઉંમર ધરાવે છે.

## ન્યૂઝ બ્રિફ

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાત આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

લોકસભાની ચૂંટણીઓને લઈને ગુજરાતમાં ઝંઝાવાતી પ્રચાર ચાલી રહ્યો છે. ૭ મે ના રોજ યોજાનાર મતદાન પહેલાં ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો પોતાની જીતને મજબૂત કરવા માટે પ્રચાર પ્રસારને વેગ આપી રહ્યાં છે. પ્રધાનમંત્રી મોદી પણ ૨ દિવસમાં પોતાના ગૃહરાજ્ય ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર પ્રચાર પ્રસાર કરીને પરત ફર્યા છે, ત્યાં ફરી એક મહત્વપૂર્ણ સમાચાર મળ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી ગુજરાત આવશે. જી હા...૬મેના રોજ મોડી સાંજે પીએ મોદી ગુજરાત આવશે અને ૭ તારીખે અમદાવાદ ખાતે મતદાન કરશે. પીએમ મોદી સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ રાણીપ માં મતદાન કરશે. મતદાન બાદ ચોથા તબક્કાના ચુંટણી પ્રચાર માટે રવાના થશે. ગુજરાતમાં આગામી તા. ૭ મે ના રોજ લોકસભાનાં ત્રીજા તબક્કાનું મતદાન યોજાવાનું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તા. ૭ મે ના રોજ લોકસભાનાં ત્રીજા તબક્કાનું મતદાન કરવા માટે ગુજરાત આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાણીપની નિશાન સ્કૂલમાં મતદાન કરશે.

### રંગીલા રાજકોટને વર્ગવિગ્રહમાં ધકેલ્યુ : કોંગ્રેસના નેતા ધાનાણી

। (એજન્સી) રાજકોટ, તા.૩ ।

લોકસભાની રાજકોટ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે કોંગ્રેસ આયોજિત સંવિધાન બચાવો સંમેલનને સંબોધતા, ભાજપ અને પરશોત્તમ રુપાલા પર ભારે વાકપ્રહારો કર્યા હતા. પરેશ ધાનાણીએ, પરશોત્તમ રુપાલા માટે કહ્યું કે, તેઓ રાજકોટમાં આયાતી ઉમેદવાર છે. પરેશ ધાનાણીએ કાવ્યાત્મક શૈલીમાં ભાજપ ઉપર પ્રહાર કરતા કહ્યું કે, સત્તાના અંહકારને જમીનમાં ભંડારવાનું કામ કરવાનું છે. એકતાના ગુલદસ્તાને વેરવિખેર કરવાનું કામ ભાજપે કર્યુ છે. પરેશ ધાનાણીએ કહ્યું કે, રાજકોટ મહાનગરપાલિકાથી કેન્દ્ર સરકાર સુધીમાં ભાજપની સત્તા છે પરંતુ લોકોની સમસ્યા યથાવત રહેવા પામી છે. લોકો સમસ્યાના દળ દળમાં દટાઈ રહ્યાં છે. પરશોત્તમ રુપાલા અંગે કહ્યું કે, રાજકોટમાં ભાજપના કાર્યક્રમમાં પાથરેલી ખુરશીઓને ગાભા મારતા પાયાના અનેક કાર્યકરોને લોકસભાની ચૂંટણી લડવાની ઈચ્છા હોય, પરંતુ ભાજપના રાષ્ટ્રીય નેતાઓને જનસંઘની પૃષ્ઠભૂમિ ધરાવતા રાજકોટમાં એક પણ સ્થાનિક ઉમેદવાર ના મળતા આખરે અમરેલીથી ઉછીના આયાતી ઉમેદવારને ચૂંટણી મેદાનમાં ઉતારવાની ફરજ પડી છે.

#### છોટાઉદેપુર, વલસાડ, દમણ-દીવમાં જનસભાને સંબોધશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પ્રચાર અર્થે ફરી ગુજરાતના પ્રવાસે

### આ સભામાં કેન્દ્રીય ગૃહમંત્રીએ મત આપવા અપીલ કરી હતી સાથે જ ગૃહમંત્રીએ વિપક્ષી પાર્ટી કોંગ્રેસ પર પણ પ્રહાર કર્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

રાજ્યમાં લોકસભા ચૂંટણીને હવે માત્ર ગણતરીના દિવસ જ બાકી રહ્યાં છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીએ ૫ લાખથી વધુની લીડથી જીત માટે અનેક પ્રયાસ શરૂ કર્યા છે. જે અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પ્રચાર અર્થે ફરી ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ આવતીકાલે ૪ મેના રોજ ગુજરાતમાં ૩ સભાને સંબોધશે. અમિત શાહ ગુજરાતમાં ૩ સભા સંબોધશે. અમિત શાહ ૪ મેના રોજ છોટાઉદેપુર, વલસાડ, દમણ-દીવમાં જનસભાને સંબોધશે. છોટાઉદેપુરના બોડેલીમાં તેમજ વલસાડના વાંસદામાં ત્યારબાદ બપોરે ૩:૩૦ કલાકે દમણ-દીવમાં જનસભાને સંબોધશે. અત્રે જણાવીએ કે, અગાઉ અમિત શાહે અમદાવાદના નરોડા ગામમાં સભા યોજી હતી. અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર હસમુખ પટેલ માટે યોજાયેલી આ સભામાં કેન્દ્રીય ગૃહમંત્રીએ મત આપવા અપીલ કરી હતી. સાથે જ ગૃહમંત્રીએ વિપક્ષી પાર્ટી કોંગ્રેસ પર પણ પ્રહાર કર્યો હતો. આ બેઠક પર ભાજપે જશુભાઈ રાઠવાને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. તો બીજી તરફ કોંગ્રેસે



સુખરામ રાઠવા મેદાને ઉતાર્યા છે. જશુભાઈ રાઠવાની વાત કરીએ તો તેઓ ૨૦૧૭માં વિધાનસભા ચૂંટણી લડ્યા હતા જેમાં નજીવી સરસાઈથી હાર્યા હતાં. છોટાઉદેપુર જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે રહ્યાં તેમજ સ્થાનિક સ્તરે સારો જનસંપર્ક પણ છે. છોટાઉદેપુર ભાજપનો નિર્વિવાદીત ચહેરો છે. તો સુખરામ રાઠવાની વાત કરીએ તો તે પીઢ કોંગ્રેસી નેતા છે. જિલ્લા અને તાલુકા પંચાયતમાં વિવિધ પદ ઉપર રહ્યા છે. છોટાઉદેપુર બેઠક ઉપર ૩ ટર્મ ધારાસભ્ય રહ્યા છે. ૨૦૧૭માં પાવી જેતપુરથી વિધાનસભા ચૂંટણીમાં જીત થઈ હતી. વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે રહ્યા છે. ગુજરાતને અડીને આવેલા સંઘ પ્રદેશ દમણ-દીવની લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસે ઉમેદવારો સીધી ટક્કર છે. ભાજપે લાલુ પટેલને સતત ચોથી વખત રિપિટ કર્યા છે. જ્યારે કોંગ્રેસે જિલ્લા પ્રમુખ કેતન પટેલને મેદાનમાં ઉતાર્યા છે. બંને ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ભાજપના ઉમેદવારે અત્યાર સુધી કરેલા વિકાસ કામોને લઈ મતદારો સમક્ષ વાત કહી રહ્યાં છે. જ્યારે ભાજપના સાંસદ અને સરકાર હોવા છતાં દીવ-દમણના પ્રવાસનનો વિકાસ થયો નહી હોવાનો દાવો કરી વેપારીઓને પડી રહેલી તકલીફો અને લોકોની સમસ્યાઓ મતદારો સમક્ષ વાત મુકી રહ્યાં છે. ગત ટર્મમા પણ બંને ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો હોવાથી આ વખતે પણ જંગ રોચક બને તેવી શક્યતા છે.

#### RTE પ્રવેશ માટે આરક્ષિત ૪૫,૧૭૦ બેઠકો માટે ૨.૩૫ લાખ અરજીઓ મળી હતી

## RTE હેઠળ પહેલા ધોરણના પ્રવેશના બીજા રાઉન્ડની પ્રક્રિયા શરૂ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

રાજ્યનો શિક્ષણ વિભાગ ૩ મેથી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ હેઠળ ધોરણ ૧માં પ્રવેશના બીજા રાઉન્ડની પ્રક્રિયા શરૂ કરશે. પ્રથમ રાઉન્ડના અંતે, વિભાગે ૨૦૨૪-૨૫ માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ હેઠળ ૩૯,૯૭૯ વિદ્યાર્થીઓને ધોરણ ૧માં પ્રવેશ આપ્યો. રાજ્યનો શિક્ષણ વિભાગ ૩ મેથી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ હેઠળ ધોરણ ૧માં પ્રવેશના બીજા રાઉન્ડની પ્રક્રિયા શરૂ કરશે. પ્રથમ રાઉન્ડના અંતે, વિભાગે ૨૦૨૪-૨૫ માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ હેઠળ ૩૯,૯૭૯ વિદ્યાર્થીઓને ધોરણ ૧માં પ્રવેશ આપ્યો. ડેટા દર્શાવે છે કે ૩૬,૬૦૭ વિદ્યાર્થીઓએ તેમના પ્રવેશની પુષ્ટિ કરી



હતી, જેના કારણે ૮,૫૬૩ બેઠકો ખાલી રહી હતી. આ બેઠકો બીજા રાઉન્ડમાં ભરવામાં આવશે.પ્રથમ રાઉન્ડ પછી બહાર રહી ગયેલા વિદ્યાર્થીઓ તેમની શાળાઓની પસંદગીમાં સુધારો કરશે અને ૮ મે પહેલા તેમના ફોર્મ સબમિટ કરશે. આ વર્ષે, વિભાગને ઈ્ઈ પ્રવેશ માટે આરક્ષિત ૪૫,૧૭૦ બેઠકો માટે ૨.૩૫ લાખ અરજીઓ મળી હતી. તેણે ખોટા અથવા અપૂરતા દસ્તાવેજોને કારણે ૨૦,૯૪૪ અરજીઓ ફગાવી દીધી હતી. આ અરજદારોને ૬ એપ્રિલ સુધીમાં તેમની અરજીઓ સુધારવાની છૂટ આપવામાં આવી હતી. ૨૦૨૩-૨૪માં વિભાગે ૮૨,૮૫૩ RTE બેઠકો આરક્ષિત કરી હતી અને ૧.૦૮ લાખ અરજીઓ મેળવી હતી.અરજીમાં પસંદ કરેલી શાળાઓમાં ફેરફર કરવા માંગતા હોય એટલે કે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરવા માગતા હોય તેવા વિદ્યાર્થીઓએ ૩ મે, ૨૦૨૪થી ૮ મે, ૨૦૨૪ સુધીમાં RTEના વેબપોર્ટલ પર જઈ શાળાઓની પુનઃ પસંદગીનાં મેનુ પર ક્લિક કરવાનું રહેશે. એપ્લિકેશન નંબર અને જન્મ તારીખની મદદથી લોગ ઈન કરી શાળાઓની પુનઃ પસંદગી કરવાની રહેશે.

#### દરેક મતદાન મથક દીઠ ૫ પીવાના પાણીના જગ મુકાશે

## અમદાવાદ જિલ્લામાં ચૂંટણીના દિવસે મતદારો માટે ખાસ વ્યવસ્થા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે આગામી તારીખ ૭ મી મે-૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણી માટે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મતદાન કરવા આવનાર નાગરિકોને કોઈપણ પ્રકારની તકલીફ ના પડે એ માટે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ચૂંટણી તંત્ર દ્વારા સૌપ્રથમ વખત ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

હીટ વેવના વરતારા જોતાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં મતદારોને મતદાન કરવાની લાઈનમાં ગરમીમાં રાહત માટે ચૂંટણી તંત્ર દ્વારા સૌપ્રથમવાર ખાસ આયોજન કરાયું છે. અમદાવાદ જિલ્લામાં આવેલા અને જરૂરિયાત જણાઈ છે, એવા કુલ ૧૯૯૫ મતદાન મથકો પર મંડપની વ્યવસ્થા અને ત્રણ કે તેથી વધારે બુથ ધરાવતા ૭૭૮ મતદાન મથકો પર કૂલરની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ દિવસે દરેક મતદાન મથક દીઠ પીવાના પાણીના પાંચ-પાંચ જગની વ્યવસ્થા કરાશે અને દરેક મતદાન મથકો પર પૂરતા પ્રમાણમાં ORS પૂરું પાડવામાં આવશે. આ ઉપરાંત લોકોના આરોગ્યની જાળવણી માટે દરેક રૂટ પર સેક્ટક ઓફિસર સાથે એક આરોગ્ય શાખાના કર્મચારી રાખવામાં આવશે. ગરમીની સીઝનમાં ભોગ બનનાર વ્યક્તિના લક્ષણોની ઓળખ તથા તે માટે શું સારવાર આપવી તે પોલિંગ સ્ટાફને સેકન્ડ ટ્રેનિંગ વખતે આરોગ્ય ખાતાની ટીમ દ્વારા તાલીમ આપવામાં આવી છે. મતદાન મથકો સિનિયર સિટીઝનો અને ૪૦%થી વધુ દિવ્યાંગતા ધરાવતા નાગરિકો માટે ૨૪૩૮ જેટલી વ્હીલ ચેરની વ્યવસ્થા કરવામાં આવેલી છે અને દરેક મતદાન મથક દીઠ બે વોલીન્ટિયર્સની વ્યવસ્થા રાખવામાં આવી છે.

મતદારોની સાથે સાથે ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ અને અધિકારીઓ માટે પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક વિધાનસભા કક્ષાએ વેલ્ફેર નોડલ ઓફિસરની નિમણૂક કરવામાં આવેલી છે. દરેક વિધાનસભા કક્ષાએ ઈમરજન્સી હેલ્પલાઇન નંબર શરૂ કરવામાં આવ્યા છે.

## રામોલ ખાતે NDRFના ઈન્સ્પેક્ટરના ઘરમાં ચોરી

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદમાં દિવસે દિવસે ચોરીની ઘટનાઓ વધી.રહી છે.વધુ એક ચોરીની ઘટના સામે આવી છે જે રામોલ વિસ્તારમાં બની હતી. પ્રાપ્ત માહિતી મુજબ શહેરના રામોલના શિવઆનંદ બંગલોઝમાં રહેતા દ્વઢ્ઢઈહ્લમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અરૂણકુમારનો પરિવાર નોકરીને લીધે પોતપોતાની ફરજના સ્થળે હાજર હતા તે દરમિયાન તસ્કરો સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને સર્વિસ રિવોલ્વર સહિત ૬ જીવતા કારતૂસ મળીને કુલ રૂપિયા ૧.૯૧ લાખની મત્તાની ચોરી ગયા છે. આ મામલે NDRFમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અરૂણ કુમારે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને તપાસ આરંભી છે.

NDRFમાં ફરજ બજાવતા અરૂણકુમારનું મકાન વસ્ત્રાલમાં છે. ગત ૧૦ એપ્રિલે મકાન બંધ કરીને પડોશીને મકાનની ચાવી આપીને વડોદરા ડ્યૂટી પર ગયા હતા. બુધવારે સવારે અરૂણકુમાર તેમની ફરજ પર હાજર હતા, તે સમયે તેમના પડોશીનો ફોન આવ્યો અને કહ્યું કે,તમે ઘરે આવ્યા છો? ત્યારે અરૂણકુમારે કહ્યું કે, હું, મારી પત્ની કે મારી દીકરી કોઈ પણ ઘરે આવ્યા નથી.ત્યારબાદ પડોશી ભરતભાઈએ ઘરમાં જઈને જોયું તો સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. જેથી પડોશીએ અરૂણકુમારને ફોન કરીને બોલાવ્યા હતા. આવીને તપાસ કરી તો ઘરમાં સામાન વેરવિખેર હતો.અને બીજા માળે જોયું તો તિજોરીઓ પણ ખુલ્લી હતી અને તેમાં રહેલા દાગીના, રોકડ રકમ અને તેમની લાઈસન્સવાળી રિવોલ્વર અને ૬ જીવતા કારતૂસ સહિત કુલ રૂપિયા ૧.૯૧ લાખની ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. બાદમાં અરૂણકુમારે છત્તીસગઢમાં ફરજ પર હાજર તેમની પત્નીને બનાવ અંગે જાણ કરી હતી. સમગ્ર બનાવ અંગે પોલીસને જાણ કરતા રામોલ પોલીસે તપાસ કરીને ઘરફોડ ચોરીનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. NDRFમાં ઈન્સ્પેક્ટર તરીકે વડોદરામાં ફરજ બજાવતા અરૂણકુમારનું મકાન રામોલના વસ્ત્રાલ નજીક આવેલા શિવઆનંદ બંગલોઝમાં આવેલું છે અને ઈન્સ્પેક્ટરના પત્ની CRPFમાં આસિ. કમાન્ડન્ટ તરીકે છત્તીસગઢમાં ફરજ બજાવી રહ્યા છે. દંપતીની દીકરી રાજસ્થાનમાં અભ્યાસ કરે છે. વસ્ત્રાલમાં આવેલા મકાનની એક ચાવી દંપતી પાસે રહેતી હતી. બીજી ચાવી પડોશી પાસે મૂકીને જતા હતા. જેથી પડોશી સમયાંતરે મકાન ખોલીને તેમાં સાફ સફાઈ કરાવી દેતા હતા.

## સુરતની વસતી અમદાવાદ શહેર કરતા પણ વધી ગઈ?

। (એજન્સી) સુરત, તા.૩ ।

અમદાવાદ એ ગુજરાતનું સૌથી મોટું શહેર છે અને વિસ્તાર કે વસતીની દૃષ્ટિએ ગુજરાતમાં અમદાવાદની તોલે આવે એવું કોઈ શહેર નથી. છતાં લેટેસ્ટ સરકારી આંકડા કંઈક અલગ જ ચિત્ર દેખાડે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનો ડેટા એવું દેખાડે છે કે અમદાવાદ કરતા સુરતની વસતી વધી ગઈ છે. કોર્પોરેશનના આંકડા પ્રમાણે સુરતમાં ૮૨ લાખ લોકોને પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે જ્યારે અમદાવાદમાં ૮૦ લાખ લોકોને પીવાના પાણીનો સપ્લાય કરવામાં આવે છે. અમદાવાદ કરતા સુરતમાં વધુ લોકોને પીવાનું પાણી પહોંચતું હોય તો શું તેનો અર્થ એવો થાય છે કે સુરતની વસતી અમદાવાદ કરતા વધી ગઈ છે? શહેરી વિકાસ વિભાગે વોટર સપ્લાયના આંકડા બહાર પાડ્યા તે આશ્ચર્યજનક છે. અમદાવાદનો એરિયા ૪૮૦ ચોરસ કિલોમીટર છે જ્યારે સુરતનો વિસ્તાર ૪૬૨ ચોરસ કિમી છે. એટલે કે એરિયામાં અમદાવાદ આગળ છે. પરંતુ વોટર સપ્લાયમાં અમદાવાદ કરતા સુરત આગળ નીકળી ગયું છે અમદાવાદના ૮૦ લાખની સામે સુરતમાં ૮૨ લાખ લોકોને પાણી પહોંચાડવામાં આવે છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટના એક એન્જિનિયરે જણાવ્યું કે સુરતમાં માઈગ્રન્ટની વસતી બહુ વધારે છે અને તે બહુ ગીચ વિસ્તારમાં રહે છે. તેથી મ્યુનિસિપલ એરિયામાં સુવિધા મેળવનારા લોકોની સંખ્યા અમદાવાદ કરતા પણ સુરતમાં વધારે છે. મ્યુનિસિપલ લિમિટમાં કેટલા લોકોને પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે તેના આધારે વસતીનો અંદાજ નીકળે છે. તેઓ કહે છે કે સપ્લાય દરમિયાન જે પાણી વેડફાય છે તેને ધ્યાનમાં રાખીને અમે નક્કી કરેલા સ્ટાન્ડર્ડ કરતા પણ વધુ પાણી સપ્લાય કરીએ છીએ. અમે તાપી નદીમાંથી પાણી મેળવીને તેને સપ્લાય કરીએ છીએ. ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે અમદાવાદની વસતી ૫૫.૭૭ લાખ હતી જ્યારે સુરતની વસતી ૪૪.૬૬ લાખ હતી. વસતી ગણતરી દર વીસ વર્ષે કરવામાં આવે છે અને ચાલુ વર્ષમાં એટલે કે ૨૦૨૪માં નવી વસતી ગણતરી થવાની શક્યતા છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨